eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 362
July 11, 2014

## સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે ચલણી સિકકાઓ અને ચલણી નોટોના પ્રદર્શનનું તા.૦૫–૦૭–૧૪ થી તા. ૧૩–૦૭–૧૪ સુધી આયોજન બાબત

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે ચલણી સિકકાઓ અને ચલણી નોટોના પ્રદર્શનનું તા.૦૫–૦૭–૧૪ થી તા. ૧૩–૦૭–૧૪ સુધી આયોજન કરવામાં આવ્યું છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આયોજીત ડાયરો /સંગીત કાર્યક્રમ

અષાઢ સુદ સાતમ સુર્યપુત્રી તાપી માતાની જન્મજયંતિ ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૫/૦૭/૨૦૧૪ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે શ્રી ઓસમાન મીરનો ડાયરો / સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ડીમોલીશનની કામગીરી બાબત

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ડીમોલીશનની કામગીરી બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછા ઝોનની કામગીરી બાબત

સુરત શહેરમાં વરાછા ઝોનમાં આવેલ ફુલપાડા વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં. ૧૭ (ફુલપાડા) ફા. પ્લોટ નં. ૯૬/બી વાળી જમીનમાં આવેલ ''સારથી કોમ્પલેક્ષ'' નામે ઓળખાતા રેસી. + કોમર્શીયલ હાઈરાઈઝ વીથ પોડીયમ ટાવરના બાંધકામની પરવાનગી તા. ૨૫/૦૪/૨૦૦૫ ના ટીડીઓ/૧૧ થી આપવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ડીમોલીશનની કામગીરી બાબત

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ડીમોલીશનની કામગીરી બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોનની કામગીરી બાબત

સુરત મહાનગરપાલિકાનાં મે.ડે. કમિશ્નરશ્રી (હે. એન્ડ હો.) અને લિંબાયત ઝોનનાં એડી.સીટી.ઈજનેરશ્રી સાહેબશ્રી તથા આસી.કમિશ્નરશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તા.૦૫/૦૭/૧૪ નાં રોજ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૦૫/૦૭/૨૦૧૪ ના રોજ કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્ર, અમરોલી ફાયર સ્ટેશનની બાજુમાં, સાયણ રોડ, ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સૂર્યપુત્રી તાપી જન્મજયંતિ ઉજવણી

ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે આ પંકિતમાં તાપી માતાનું મહાત્મય વર્ણવતા કહયું છે કે, ગંગા નદીમાં સ્નાન, યમુનાના જળનું આચમન, અને નમૃદાના દર્શનથી જે પુણ્ય તાપીમાતાના સ્મરણ માત્રથી પ્રાપ્ત થાય છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## ડીમોલીશનની કામગીરી બાબત

ડીમોલીશનની કામગીરી બાબત...

વધુ માટે કલીક કરો >>>>>>

## ડીમોલીશનની કામગીરી બાબતની પ્રેસનોટ

ડીમોલીશનની કામગીરી બાબતની પ્રેસનોટ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## કમિશનરશ્રી મનોજકુમાર દાસ,I.A.S.નો વિદાય સમારંભ

સુરત મહાનગરપાલિકાની યશોજવલતા ના સહભાગી અને શહેર વિકાસના હિતને હૈયે રાખી દ્દઢ નિશ્ચય સાથે અનુશાસનના આગ્રહી કર્મનિષ્ઠ કમિશનરશ્રી મનોજકુમાર દાસ,I.A.S.નો વિદાય સમારંભ મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાની અધ્યક્ષતામાં તા. ૦૬/૦૭/૨૦૧૪ ના રોજ યોજવામાં આવેલ હતો...

વધુ માટે કલીક કરો >>>>>>

## ડીમોલીશનની કામગીરી બાબતની પ્રેસનોટ

ડીમોલીશનની કામગીરી બાબતની પ્રેસનોટ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## જયાપાર્વતી વ્રત (અલુણાવ્રત) નિમિત્તે બાગોમા પ્રવેશ બાબત

સુરત મહાનગરપાલિકા હસ્તકના નીચે જણાવેલ બાગોમાં જયાપાર્વતી વ્રત નિમિત્તે તા.૧૦/૦૭/૧૪ થી તા.૧૪/૦૭/૧૪ સુધી નીચે જણાવેલ બાગોમા બપોરે ૦૩:૦૦ થી રાત્રે ૧૧:૦૦ કલાકે બાગ બંધ થાય ત્યાં સુધી ફકત બહેનો / નાના બાળકો / બાલીકાઓને / વરિષ્ઠ નાગરીકોને જ દાખલ થવા દેવામાં આવશે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની ડીમોલીશનની કામગીરી બાબત

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની ડીમોલીશનની કામગીરી બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આયોજીત મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૯/૦૭/૨૦૧૪ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની મહેંદી સ્પર્ધા, બપોરે ૩.૦૦ કલાકે માધ્યમિક વિભાગની મહેંદી સ્પર્ધા અને તા.૧૦/૦૭/૨૦૧૪ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધા...

વધુ માટે કલીક કરો >>>>>>

## નેચર પાર્ક નો વયોવૃધ્ધ સિંહ નામે બહાદુર ની દૈનિક ગતિવિધીમાં ઢીલાશ અને સુસ્તી

નેચર પાર્ક ખાતે ભગવાન બિરસા મુંડા ઝુલોજીકલ પાર્ક, રાંચી થી એક હાઈબ્રીડ સિંહની જોડી માહે – ફેબ્રુઆરી – ૨૦૦૭ માં લાવવામાં આવેલ હતી. ત્યારે હાઈબ્રીડ સિંહ નામે બહાદુર ની ઉંમર ૧૯ વર્ષની હતી ને નેચરપાર્કમાં સિંહના પિંજરામાં મુલાકાતીઓના પ્રદર્શન માટે મુકવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## તમામ ઝોનની કામગીરી બાબત

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ.ચા. ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ શાક માર્કેટ, સુપર સ્ટોર દુકાનો, કોર્મશીયલ કોમ્પલેક્ષ, હોકર્સ, રીટેલ શોપ, પ્લાસ્ટીક સપ્લાયર્સ વિગેરે સ્થળોએ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના)ની મિટીંગ /સ્થળ તપાસ બાબત

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન (ઉધના)ના નયમહ વિસ્તારમાં, પાણીના ટેન્કર ધ્વારા પાણી લેવામાં આવે છે અને ખાનગી બોરીંગ ધ્વારા પાણીની લાઈન નાંખી પાણી સપ્લાય કરવાની અનઅધિકૃત કામગીરી કરવામાં આવતી હોવાનું જણાય આવેલ છે,...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ / સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ તા.૦૮/૦૭/૧૪ના રોજ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વેડ રોડ થી કતારગામ દરવાજા તરફનાં રસ્તા ઉપર સાંઈબાબા મંદિર પાસે લાગુ ફુટપાથ તથા જાહેર રસ્તા ઉપર હિત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે જુન ૨૦૧૪ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે જુન ૨૦૧૪ દરમ્યાન ૩૯૯૮ ઈન્ડોર તથા ૪૩૨૧૩ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૨૪૨૦ તથા ૫૭૯ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૯૬૭૧ એક્ષ-રે પાડવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધા બાબત

અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધામાં તા.૦૯/૦૭/૨૦૧૪ના રોજ પ્રાથમિક અને માધ્યમિક વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે યોજવામાં આવી હતી....

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૯-૭-૧૪ નાં રોજ બુધવારની સંકલિત ગૃપ સફાઈ કામગીરીનો રીપોર્ટ

તા. ૯-૭-૧૪ નાં રોજ બુધવારની સંકલિત ગૃપ સફાઈ કામગીરીનો રીપોર્ટ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી બાબત

પૂ.શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં તા.૧૦/૦૭/૨૦૧૪ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

અત્રેના સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં આવેલ મોજે-ભટાર, રે.સ.નં.૩ પૈકી, રસુલાબાદ પ્રાથમિક શાળાની બાજુમાં આવેલ સોમનાથ સોસાયટીમાં મિલ્કતદાર તરફથી ગેરકાયદેસર દુકાનોનું બાંધકામ શરૂ કરતાં...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધા બાબત



અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધામાં તા.૧૦/૦૭/૨૦૧૪ના રોજ ખુલ્લા વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે યોજવામાં આવી હતી....

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ(વરાછા)ઝોનમાં નીચે જણાવેલ વિસ્તારોમાં દબાણ/ડીમોલીશનની કામગીરી

ડ્રા. ટી.પી. સ્કીમ નં. ૨૨ (સરથાણા-વાલક), ફા.પ્લોટ નં. ૪૪ ની સરકારી માલિકીની જગ્યામાં ભુમિપાર્ક સોસાયટીના સબ પ્લોટ નં. ૧૦ તથા ૧૧ ના મિલકતદારો દ્વારા કંપાઉન્ડ વોલ બનાવવાનું ગેરકાયદેસર બાંધકામ શરૂ કરવામાં આવેલ જે અન્વયે આજરોજ આશરે ૧૦૦' ફુટ લાંબી કમ્પાઉન્ડ વોલનું બાંધકામ દુર કરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ડીમોલીશનની કામગીરી બાબતની પ્રેસનોટ

ડીમોલીશનની કામગીરી બાબતની પ્રેસનોટ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનના વોર્ડ  નં.૧,  ડંગોર સ્ટ્રીટ નાનપુરા ખાતે  આવેલ મિલ્કત નોંધ નં.૧૧૫૫ માં ભોંયતળીયું અને ત્રણ માળની  પ્લાન સહિતની અરજી મિલ્કતનાં હિત ધરાવનારા શ્રી  ધનસુખલાલ છોટાલાલ ધ્વારા  રજુ કરેલ હતી....

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે ચલણી સિકકાઓ અને ચલણી નોટોના પ્રદર્શનનું તા.૦૫–૦૭–૧૪ થી તા. ૧૩–૦૭–૧૪ સુધી આયોજન બાબત :–

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે ચલણી સિકકાઓ અને ચલણી નોટોના પ્રદર્શનનું તા.૦૫–૦૭–૧૪ થી તા. ૧૩–૦૭–૧૪ સુધી આયોજન કરવામાં આવ્યું છે.

વિશેષ ગણી શકાય તેવા આ પ્રદર્શનમાં ભારતીય ચલણી સિકકા અને ચલણી નોટનો ઈતિહાસ વિવિધ દેશોના સિકકા, એક રૂપિયાની નોટની ૧૯૪૭ માં જયારે પ્રથમ વખત પ્રસિધ્ધ થઈ ત્યારથી ઈ.સ.૧૯૯૪ માં બંધ થઈ ત્યાં સુધીની સંપૂર્ણ દુર્લભ નોટો, સ્વાતંત્ર્યતા પહેલાના અને પછીના સિકકાઓ તેમજ ચલણીનોટો વર્તમાન સિકકાઓ અને ચલણી નોટો, વિવિધ પ્રિફિકસ નોટો, રૂા.૧૦ ની ૭૮૬ નંબરવાળી ૧૦૦૦ નોટો અને આંતર રાષ્ટ્રીય સિક્કાઓ, દુર્લભ લાખેણી સિક્કા, સ.વ.પટેલ મ્યુઝિયમનું કલેકશન જેમાં ૧, ૨, ૩, ૫, ૧૦, ૨૦, ૨૫, ૫૦ પૈસા તેમજ ૧ રૂા. ના સિકકાઓ, તેમજ વિદેશની ચલણી નોટો અને સિક્કાઓ પ્રદર્શિત કરવામાં આવેલ છે.

સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરી ખાતે સદરહુ પ્રદર્શન શાળા, કોલેજના વિદ્યાર્થીઓ તથા જાહેર જનતા તા.૦૫–૦૭–૧૪ થી તા. ૧૩–૦૭–૧૪ સુધી દરરોજ સવારે ૯–૩૦ થી સાંજે ૪–૩૦ કલાક સુધી વિનામુલ્યે નિહાળી શકશે તથા તા. ૦૭–૦૭–૧૪ના રોજ સોમવારે અઠવાડિક રજા હોવાથી સાયન્સ સેન્ટર બંધ રહેશે.

TOP

## સુરત મહાનગરપાલિકા આયોજીત ડાયરો /સંગીત કાર્યક્રમ

અષાઢ સુદ સાતમ સુર્યપુત્રી તાપી માતાની જન્મજયંતિ ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૫/૦૭/૨૦૧૪ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે શ્રી ઓસમાન મીરનો ડાયરો / સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ ડાયરા/સંગીત કાર્યક્રમને માણવાં નિમંત્રિતો તથા શહેરની કલા રસિક જનતાને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી. પ્રવેશ તેમજ બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે સરદાર પટેલ સ્મૃતિ ભવનની બેઠક ક્ષમતાને આધિન રહેશે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ડીમોલીશનની કામગીરી બાબત :–

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ટી.પી.સ્કીમ નંબર | ૬૪(કુંભાલ–મગોબ) | | |
| ૨ | વિસ્તાર | મગોબ | | |
| ૩ | ફાયનલ પ્લોટ નંબર | ૩૩ | | |
| | સબ પ્લોટ નંબર | ૨૪૬ ની બાજુનો માર્જીન વાળો પ્લોટ | | |
| | રીઝર્વેશન પ્લોટની વિગત | – | | |
| ૪ | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે) | ઈન્ડસ્ટ્રીયલ | | |
| ૫ | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ(ફુટમા) | ચો.ફુટ(વિસ્તાર) |
| | | ભોયતળિયે | ૨૦'×૪૫' | ૯૦૦ |
| | | પ્રથમમાળ | – | – |
| | | બીજોમાળ | – | – |
| | | .ત્રીજોમાળ | – | – |
| | | ચોથોમાળ | – | – |
| ૬ | માલિકનું નામ | – | | |
| ૭ | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | – | | |
| ૮ | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | ટી.પી.સ્કીમ નં.૬૪(કુંભાલ–મગોબ)ના ફા.પ્લોટ નં. ૩૩ માં આવેલ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના પ્લોટ નં. ૨૪૬ ની બાજુની માર્જીન વાળી જગ્યામાં ગ્રાઉન્ડ ફ્લોર પર આશરે ૯૦૦ ચો.ફુટ માપવિસ્તારમાં આર.સી.સી.કોલમ તેમજ પતરાના શેડ વાળુ ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ. જે આજરોજ ઝોનના ટેકનીકલ,દબાણ સ્ટાફ તેમજ ખાનગી કોન્ટ્રાકટરના માણસો દ્વારા બાંધકામ સ્થળ પરથી દુર કરવામાં આવેલ છે. | | |
| ૯ | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | ૦૮ | | |
| | બેલદારની સંખ્યા | ૨૦ | | |
| ૧૦ | મશીન / વાહનની વિગત | – | | |
| ૧૧ | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન | – | | |
| ૧૨ | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | ૨૦,૦૦૦/– | | |
| ૧૩ | અન્ય માહિતી | – | | |

TOP

## વરાછા ઝોનની કામગીરી બાબત :–

સુરત શહેરમાં વરાછા ઝોનમાં આવેલ ફુલપાડા વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં. ૧૭ (ફુલપાડા) ફા. પ્લોટ નં. ૯૬/બી વાળી જમીનમાં આવેલ ''સારથી કોમ્પલેક્ષ'' નામે ઓળખાતા રેસી. + કોમર્શીયલ હાઈરાઈઝ વીથ પોડીયમ ટાવરના બાંધકામની પરવાનગી તા. ૨૫/૦૪/૨૦૦૫ ના ટીડીઓ/૧૧ થી આપવામાં આવેલ છે.

ઉકત મુજબના મંજુર પ્લાન વિરૂધ્ધ બેઝમેન્ટ ફલોરમાં મંજુર થયેલ પાર્કિંગવાળા ભાગમાં ગંગા ઓટોમોબાઈીલ ધ્વારા સર્વિસ સ્ટેશનનું બાંધકામ કરેલ તથા પ્રથમ માળ પર સ્કીપ ફલોરમાં સોસાયટીની વાડીનું બાંધકામ તેમજ પ્રથમ માળ પર દાદરની પાછળના ભાગે આવેલ ઓપન ટેરેસવાળી જગ્યામાં સંકલ્પ હોસ્પિટલ અને રાધા કિના હોસ્પિટલ ધ્વારા બે રૂમનું બાંધકામ કરેલ. જે બાંધકામ આજ રોજ મધ્યસ્થ શહેર વિકાસ ખાતા મારફત દુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે તથા આ કામગીરી મોડી સાંજ સુધી ચાલુ રહેવાની શકયતા છે.

સદરહુ બિલ્ડીંગમાં ઉકત મુજબનું બેઝમેન્ટમાં ૧૧૫૦ ચો.ફુટ, પ્રથમ માળ પર સ્કીપ ફલોરમાં ૫૦૦૦ ચો. ફુટ તથા દાદરની પાછળના ભાગે ૨૦૦ ચો.ફુટ મળી કુલ ૬૩૫૦ ચો.ફુટ બિનઅધિકૃત બાંધકામ કરવામાં આવેલ.

સદરહુ બિનઅધિકૃત બાંધકામ દુર કરવાની કાર્યવાહીમાં મધ્યસ્થ શહેર વિકાસ ખાતુ, વરાછા ઝોનનો સ્ટાફ તથા કોન્ટ્રાકટરના માણસોની મદદ લેવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ડીમોલીશનની કામગીરી બાબત :–

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ટી.પી.સ્કીમ નંબર | ૬૪(ડુંભાલ–મગોબ) | | |
| ૨ | વિસ્તાર | મગોબ | | |
| ૩ | ફાયનલ પ્લોટ નંબર | ૩૩ | | |
| | સબ પ્લોટ નંબર | ૨૪૬ ની બાજુનો માર્જીન વાળો પ્લોટ | | |
| | રીઝર્વેશન પ્લોટની વિગત | – | | |
| ૪ | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે) | ઈન્ડસ્ટ્રીયલ | | |
| ૫ | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ(ફુટમા) | ચો.ફુટ(વિસ્તાર) |
| | | ભોયતળિયે | ૨૦'×૪૫' | ૯૦૦ |
| | | પ્રથમમાળ | – | – |
| | | બીજોમાળ | – | – |
| | | ત્રીજોમાળ | – | – |
| | | ચોથોમાળ | – | – |
| ૬ | માલિકનું નામ | – | | |
| ૭ | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | – | | |
| ૮ | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | ટી.પી.સ્કીમ નં.૬૪(ડુંભાલ–મગોબ)ના ફા.પ્લોટ નં. ૩૩ માં આવેલ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના પ્લોટ નં. ૨૪૬ ની બાજુની માર્જીન વાળી જગ્યામાં ગ્રાઉન્ડ ફલોર પર આશરે ૯૦૦ ચો.ફુટ માપવિસ્તારમાં આર.સી.સી.કોલમ તેમજ પતરાના શેડ વાળુ ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ. જે આજરોજ ઝોનના ટેકનીકલ,દબાણ સ્ટાફ તેમજ ખાનગી કોન્ટ્રાકટરના માણસો દ્વારા બાંધકામ સ્થળ પરથી દુર કરવામાં આવેલ છે. | | |
| ૯ | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | ૦૮ | | |
| | બેલદારની સંખ્યા | ૨૦ | | |
| ૧૦ | મશીન / વાહનની વિગત | – | | |
| ૧૧ | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન | – | | |
| ૧૨ | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | ૨૦,૦૦૦/– | | |
| ૧૩ | અન્ય માહિતી | – | | |

TOP

## લિંબાયત ઝોનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં મે.ડે. કમિશ્નરશ્રી (હે. એન્ડ હો.) અને લિંબાયત ઝોનનાં એડી.સીટી.ઈજનેરશ્રી સાહેબશ્રી તથા આસી.કમિશ્નરશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તા.૦૫/૦૭/૧૪ નાં રોજ લિંબાયત ઝોનનાં આરોગ્ય વિભાગના સ્ટાફની કુલ–૦૪ (ચાર) ટીમો બનાવી હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પ્રિમોન્સુનની કામગીરી અંતર્ગત લિંબાયત ઝોનની જુદી જુદી વિભાગીય કચેરીનાં વિસ્તાર જેવા કે ઉમરવાડા માનદરવાજા ટેનામેન્ટ, ટેક્ષ.માર્કેટ રોડ, આંજણા ટાવર રોડ, સરદાર માર્કેટ મેઈન રોડ, મિઠીખાડી, મારૂતિનગર, પ્રતાપનગર, નવાગામ ભીમનગરથી જકાતનાકા તથા હેલ્થ સેન્ટર વાળો રોડ , નિલગીરી સર્કલથી હરીઓમ ચોક રોડ, સુપરસીનેમા મેઈન રોડ તથા પરવત વોર્ડ ગોકુલનગર વિસ્તારમાં આવેલ ખાદ્ય–અખાદ્ય સંસ્થાઓ લારી/ગલ્લા વાળા તેમજ કેરીના રસના જયુસ સેન્ટર અને શેરડી–રસનું વેચાણ કરતા કોલા વાળાઓ તેમજ અન્ય ખાદ્ય ચીજવસ્તુ વેચનારાઓનું સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતુ. ચકાસણી દરમયાન ખાદ્ય–અખાદ્ય સંસ્થા –૬૮, લારી ગલ્લા –૧૦૮, કેરીના જયુસ સેન્ટર–૦૯, બરફ–ગોળા–૧૨ તેમજ શેરડીના રસના કોલા–૧૦ મળી કુલ –૨૦૭ સંસ્થા/લારી–ગલ્લા ચેક કરવામાં આવ્યા હતા.

આ કામગીરી દરમ્યાન કેરીનાં જયુસ સેન્ટર –૦૫ બરફ ગોળાની લારી–૦૬ તથા શેરડીનાં રસની લારી–૦૮ તથા ખાદ્ય–અખાદ્ય સંસ્થા–૪૨ અને લારી–ગલ્લા–૩૧ માં આરોગ્યલક્ષી ક્ષતિઓને કારણે કુલ–૯૨ ઈસમોને નોટીસ આપી, તેઓ પાસે કુલ–૩૪,૩૦૦/– વહીવટીચાર્જ પેટે વસુલ કરવા અંગેની સખ્ત કાર્યવાહી કરવામાં આવેલ છે. વધુમાં ડીસ્પોઝલ ગ્લાસને બદલે કાચના ગ્લાસનો ઉપયોગ કરતા હોવાથી કાચના ગ્લાસ નંગ –૪૫ જપ્ત કરી, અખાધ પદાર્થ –૩૨ કિલોગ્રામનો નાશ કરવામાં આવેલ છે.

વધુમાં એડી.સીટી ઈજનેરશ્રીની સુચના મુજબ પુણકુંભારીયા રોડપર આવેલ વિર વિજય સીલ્ક મિલ્સના માલિક દ્વારા જય ભવાની ઈન્ડ્. પાસેના ખાડી કિનારે મીલ માંથી નિકળતો નકામો કચરો ખાડી કીનારે નાંખી ગંદકી કરવા બદલ નોટીસ આપી તેમની પાસે કચરો/ડસ્ટ/કોલસી નો નિકાલ કરાવ્યા બાદ રૂા.૧૦,૦૦૦/– નું વહીવટી ચાર્જ પણ વસુલ કરવામાં આવ્યો હતો.

આ અભિયાન દરમ્યાન આરોગ્યલક્ષી કુલ નોટીસ –૯૨ તથા રૂા.૪૪,૩૦૦/– નો વહીવટી ચાર્જ કરવામાં આવ્યો હતો.

ઉપરોકત દરેક ખાદ્ય–અખાદ્ય સંસ્થા, લારી–ગલ્લા, કેબીન સંચાલકોને સ્વચ્છતા જાળવવા તથા રંગરોગાન તેમજ ડીસ્પોઝલ ગ્લાસ –ડીશ વાપરવા તેમજ ખાધ પ્રદાર્થો ઢાંકીને રાખવા તેમજ પીવાનાં પાણીમાં કલોરીન ટેબલેટનો ઉપયોગ કરવા માટે, કારીગરોને સ્વચ્છ કપડાં પહેરવાં માટે ધંધાના સ્થળની આજુબાજુ સંપૂર્ણ સફાઈ રાખવા તેમજ ઢાંકણવાળી ડસ્ટબીન રાખી કચરાનો અસરકારક નિકાલ કરવા માટે ચેતવણી આપી, સમજ આપવામાં આવી હતી.

TOP

# સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૦૫/૦૭/૨૦૧૪ ના રોજ કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્ર, અમરોલી ફાયર સ્ટેશનની બાજુમાં, સાયણ રોડ, ગુ.હા.બોર્ડની સામે, સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડે.મેયર રંજનબેન વેકરીયા, શાસક પક્ષ નેતા અને આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી કિશોરભાઈ બિંદલ, રૂગ્ણાલયો, વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિનાં ચેરપર્સન શ્રીમતિ ઉમિલ્લાબેન રાણા, જાહેર બાંધકામ સમિતિનાં ચેરમેનશ્રી ધનજીભાઈ ચાવડા, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પિ.) ડો.હેમંત દેસાઈ, ઝોનલ ચીફ શ્રી બી.એસ.શાહ, મ્યુનિ.સદસ્ય વિજયભાઈ પટેલ, ઉર્વશીબેન રામમાળી, નોર્થ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી એ.એમ.દુબે, નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી, ડો.એચ.સી.ભટ્ટ, ડો.એસ.એસ.દાસ તેમજ સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, કોસાડ / કતારગામ / સિંગણપોર / વેડ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનર ડો.હેમંત એસ.દેસાઈએ કાર્યક્રમ સંબંધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતું. પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, સુરત મહાનગરપાલિકા છેલ્લા નવ વર્ષથી વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પોનું આયોજન કરે છે. "સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણીજન્ય / પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન / સારવાર આપવામાં આવે છે. જેમાં સ્મીમેર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન કરી સારવાર આપવામાં આવે છે જરૂર જણાય તેવા કેસોને સ્મીમેર / નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે છે. નાગરીકોને આવા વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો લાભ લેવા જણાવ્યુ તથા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને મદદરૂપ થવા જણાવેલ હતુ.

રૂગ્ણાલય સમિતિના ચેરપર્સન શ્રીમતિ ઉર્વશીબેન રાણાએ પોતાન પ્રાસંગીત પ્રવચનમાં જણાવ્યુ હતુ કે ચોમાસાની ઋતુમાં રોગચાળાનું પ્રમાણ વધારે જોવા મળતુ હોવાથી સુરત મહાનગરપાલિકા આવા મેડીકલ કેમ્પો દરેક ઝોનમાં યોજે છે તેમજ જાહેર જનતાને રોગચાળા વિષે જ્ઞાન મળે તે માટે આરોગ્યલક્ષી પ્રદર્શન પણ દરેક ઝોનમાં યોજે છે જેથી જાહેર જનતાને આવા નિષ્ણાંત ડોકટરોની સેવા લેવા અનુરોધ કર્યો હતો તેમજ પ્રદર્શનનો લાભ લેવા જણાવ્યુ હતું.

શાસક પક્ષના નેતા અને આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી કિશોરભાઈ બિંદલ, પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ કે, આ વર્ષનો આ પ્રથમ મેડીકલ કેમ્પ છે. સુરત શહેરનો ખુબ જ ઝડપથી વિકાસ થલ રહયો છે. જેની સાથે સાથે સુરત મહાનગરપાલિકા શહેરના નાગરીકોને ઉત્તમ પ્રકારની આરોગ્યલક્ષી સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે સતત જાગૃત છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા તમામ ઝોનમાં સ્લમ–સ્લમલાઈક વિસ્તારોમાં પ્રતિ વર્ષ વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પો યોજે છે. જેનો લાભ લેવા નાગરીકોને વિનંતી કરેલ. મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી નાગરિકોને સ્વચ્છતા અંગે કાળજી રાખવા, યોજવામાં આવેલ આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષયક જાણકારી મેળવી તકેદારી રાખવા તથા મેડીકલ કેમ્પનો લાભ લેવા જણાવ્યું હતું."

ડે.મેયર શ્રીમતિ રંજનબેન વેકરીયાએ પ્રાસંગિક પ્રવચનમાં પાણીજન્ય રોગો સામે તકેદારી રાખવા જાહેર જનતાને અનુરોધ કરતા જણાવ્યુ હતુ કે, તમારા ઘરની આજુબાજુ સ્વચ્છતા રાખવા તથા ગમે ત્યાં કચરો ન નાખવા જાહેર અપીલ કરી હતી. આ જ્ઞાન તમારા નાના બાળકોને પણ આપવા જણાવ્યુ હતું.

જાહેર બાંધકામ સમિતિ શ્રી ધનજીભાઈ ચાવડાએ વિસ્તારના રહીશોને મેડીકલ કેમ્પનો લાભ લેવા, આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષયક જાણકારીમેળવી તકેદારી રાખવા તથા આ વિસ્તારને સુંદર અને સ્વચ્છ રાખવા મહાનગરપાલિકાને સાથ સહકાર આપવા જણાવ્યું હતું.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પમાં કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૩૮૯ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૮૮, ચામડીના નિષ્ણાત દ્વારા ૭૩, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૩૧, બાળરોગ નિષ્ણાત દ્વારા ૭૨, ફિઝીશ્યન દ્વારા ૯૫, સર્જન દ્વારા ૦૬, મેડીકઈ ઓફીસર દ્વારા ૨૪ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૧૦૧ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ. ૬૦ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૨૧ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૧૧૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૪૬૦, ઓરલ પીલ્સ ૧૨ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૨૦૦૦, ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦૨ બાળકને બી.સી.જી., ૦૫ બાળકોને પેન્ટાવેલેન્ટ, ૦૬ બાળકોને પોલીયોની રસી આપવામાં આવી હતી તથા ૧૧૬૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

નોંધ :– આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખ : ૧૨/૦૭/૧૪ના રોજ પુણા શહેરી આરોગ્ય કેન્દ્ર, બોરડા ફાર્મ રોડ, પુણા પોલીસ સ્ટેશન પાસે, સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP

## સૂર્યપુત્રી તાપી જન્મજયંતિ ઉજવણી



ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે આ પંકિતમાં તાપી માતાનું મહાત્મય વર્ણવતા કહયું છે કે, ગંગા નદીમાં સ્નાન, યમુનાના જળનું આચમન, અને નમૃદાના દર્શનથી જે પુણ્ય તાપીમાતાના સ્મરણ માત્રથી પ્રાપ્ત થાય છે. તેવી ધરતીપરથી સૌથી પૌરાણિક અને સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ તા.૦૪/૦૭/૨૦૧૪ને શુક્રવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે નાવડી ઓવારા, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી, તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ યદજવામાં આવ્યો હતો. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોષ, સાંસદશ્રી સી.આર.પાટીલ, ધારાસભ્યશ્રીમતી સંગીતાબેન પાટીલ, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી નિરવભાઈ શાહ, શાશકપક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી સ્વાતીબેન સોસા, સાંસ્કૃતિક સમિતિ ઉપાધ્યક્ષાશ્રીમતી કિશોરીબેન કાપડીયા ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત નગરજનોના સાનિધ્યમાં શહેર માટે કલ્યાનકારી ભવિષ્યની વાંચ્છના સાથે દીપ પ્રગટાવી પૂજા અર્ચના કરી હતી.

TOP

## ડીમોલીશનની કામગીરી બાબત

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ટી.પી.સ્કીમ નંબર | ૨૩ (કોસાડ) | | |
| ૨. | વિસ્તાર | જુના કોસાડ રોડ લાપસીવાલા કંમ્પાઉન્ડ,અંબિકાનિકેતન સોસાયટી, | | |
| ૩. | ફાયનલ પ્લોટ નંબર | ૫૪ | | |
| | સબ પ્લોટ નંબર | ૨૪,૨૫ | | |
| | રીઝર્વેશન પ્લોટ નંબર | — | | |
| ૪. | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોર્મશીયલ / શૈક્ષણિક વિગેરે | રહેઠાંણ | | |
| ૫. | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ (ફુટમાં) | ચો.ફુટ (વિસ્તાર) |
| | | ભોંયતળિયે | | |
| | | પ્રથમ માળ | | |
| | | બીજો માળ | | આશરે ૨૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં સ્લેબનું સેન્ટરીંગ/ શટરીંગ દુર કરવામાં આવેલ છે. |
| | | ત્રીજો માળ | | |
| | | ચોથો માળ | | |
| | | પાંચમો માળ | | |
| ૬. | માલિકનું નામ | શ્રી અનિલભાઈ ઘેલાણી તથા અન્યો | | |
| ૭. | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | મનાઈ હુકમ તેમજ કારણ દર્શક નોટીસ તા.૨૦/૦૬/૨૦૧૪ ના રોજ આપેલ છે. | | |
| ૮. | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | — | | |
| ૯. | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | જુની.ઈજનેર – ૧,આસી.ઈજનેર–૧, ડે.ઈજનેર–૧ | | |
| | બેલદારની સંખ્યા | ૧૫ | | |
| ૧૦. | મશીન / વાહનની વિગત | — | | |
| ૧૧. | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન | — | | |
| ૧૨. | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | ૧૦,૦૦૦/– | | |
| ૧૩. | અન્ય વિગત. | — | | |

TOP

# ડીમોલીશનની કામગીરી બાબતની પ્રેસનોટ

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ટી.પી.સ્કીમ નંબર | ૨૫(સીંગણપોર–ટુંકી) | | |
| ૨. | વિસ્તાર | કોઝવે રોડ,ગણેશપાર્ક સોસાયટી, | | |
| ૩. | ફાયનલ પ્લોટ નંબર | ૬૨ | | |
| | સબ પ્લોટ નંબર | ૮૧ | | |
| | રીઝર્વેશન પ્લોટ નંબર | – | | |
| ૪. | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોર્મશીયલ / શૈક્ષણિક વિગેરે | રહેઠાંણ | | |
| ૫. | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ (ફુટમાં) | ચો.ફુટ (વિસ્તાર) |
| | | ભોંયતળિયે | | |
| | | પ્રથમ માળ | | આશરે ૨૪.૦૦ ચો.ફુટ માપવિસ્તારમાં પહેલા માળે આર.સી.સી.સ્લેબ સહિતની બાલ્કની નું બાંધકામ દુર કરવામાં આવેલ છે. |
| | | બીજો માળ | | |
| | | ત્રીજો માળ | | |
| | | ચોથો માળ | | |
| | | પાંચમો માળ | | |
| ૬. | માલિકનું નામ | – | | |
| ૭. | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | – | | |
| ૮. | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | – | | |
| ૯. | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | જુની.ઈજનેર – ૧<br>ડે.ઈજનેર–૧ | | |
| | બેલદારની સંખ્યા | ૫ | | |
| ૧૦. | મશીન / વાહનની વિગત | – | | |
| ૧૧. | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન | – | | |
| ૧૨. | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | ૫,૦૦૦/– | | |
| ૧૩. | અન્ય વિગત. | – | | |

TOP

## કમિશનરશ્રી મનોજકુમાર દાસ,I.A.S.નો વિદાય સમારંભ







સુરત મહાનગરપાલિકાની યશોજવલતા ના સહભાગી અને શહેર વિકાસના હિતને હૈયે રાખી દ્રઢ નિશ્ચય સાથે અનુશાસનના આગ્રહી કર્મનિષ્ઠ કમિશનરશ્રી મનોજકુમાર દાસ,I.A.S.નો વિદાય સમારંભ મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાની અધ્યક્ષતામાં તા. ૦૬/૦૭/૨૦૧૪ ના રોજ યોજવામાં આવેલ હતો.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા ડે.કમિશનરશ્રી સી.વાય.ભટ્ટે જણાવ્યુ હતું કે કમિશનર એમ.કે.દાસ ના નેતૃત્વ હેઠળ શહેર વિકાસની ગતિને વેગ મળ્યો છે. મહાનગરપાલિકાની આવકમાં વધારો થયો અને એમના સમયગાળા દરમ્યાન અનેક પ્રતિષ્ઠિત એવોર્ડ પણ મેળવ્યા છે અને તેમને ઉતરોત્તર સફળતા મળતી રહે એવી અભિલાષા વ્યકત કરી હતી.

પ્રાસંગિક પ્રવચન કરતા સાંસદશ્રી સી. આર. પાટીલે જણાવ્યુ હતું કે અધિકારીઓની બદલી સામાન્ય પ્રક્રિયા છે. પરંતુ સાધુ તો ચલતા ભલાની જેમ અધિકારીઓ પણ વિવિધ સ્થળે પોતાની કાર્યક્ષમતા મુજબ ફરજ બજવતો હોય છે. કમિશનરશ્રી દાસ સાહેબ નો સરળ અને નિખાલસ સ્વભાવના પરિણામે તેમણે અધિકારીઓ—ચુટાયેલી પાંખ અને મિડિયા વચ્ચે સંકલન સાંધીને શહેર ના વિકાસને ગતિ આપી છે. એમણે મહાનગરપાલિકાની આવક બમણી કરી છે. શહેરની જનતાનો સહકાર અને અપાર પ્રેમ મળ્યો છે. પ્રેરણાદાયી વ્યકિતત્વ ધરાવતાં કમિશનર દાસ ને ભૂલી શકાય તેમ નથી. કલેકટરશ્રી જય પ્રકાશ શિવહરે પોતાના કાર્યકાળ દરમ્યાન નવી ટેકનોલોજીનો ભરપુર ઉપયોગ કરીને જીલ્લાનો વહીવટ સરળ બનાવ્યો છે. સુરત શહેરમાં કમિશનર તરીકે જેમની નિમણુંક થાય છે. તેમને દેશભરમાં પ્રસિધ્ધ થવાની તક મળે છે. શહેરની જનતાની વિશિષ્ટતા છે. સુગર થઈ જાય એટલી મીઠાશ અહીના લોકોમાં છે. કમિશનરશ્રી મિલિન્દ તોરવણે ને આવકાર આપી જણાવ્યું હતું કે તેમનો અમેરિકા દરમ્યાનનો અનુભવ શહેરીજનો ને મળશે.

સુરત મહાનગપાલિકા કમિશનર શ્રી મિલિન્દ તોરવણે એ આ પ્રસંગે જણાવ્યું હતું કે સુરતના લોકોનો કમિશનર શ્રી એમ. કે.દાસ પ્રત્યે પ્રેમ ઘણો છે. તેમની ઉતરોત્તર પ્રગતિ થાય એવી શુભેચ્છા કોહ ટીમ વતી આપું છું. સંકલન—સહકાર થી શહેરના વિકાસ માટે પ્રયત્નશીલ રહીશ.

શ્રી નિરંજન ઝાઝમેરાએ જણાવ્યું હતું કે ન જાણ્યું જાનકી નાથે કાલે સવારે શું થવાનું છે ? વર્તમાનપત્રમાં એક સાથેજ અધિકારીના બદલીના સમાચારથી આંચકો લાગ્યો આજે વ્હાલાની વિદાય અને સ્નેહીનો સત્કાર છે. કમિશનરશ્રી દાસના કાર્યકાળ દરમ્યાન સંકલનથી ઘણાં વિકાસના કાર્યો થયા છે. કમિશનરશ્રી એમ.કે.દાસ ની સંવેદનશીલતા ને અનુભવી છે. તેથી આજે વિદાય પ્રસંગે દુઃખ પણ થાય છે. કમિશનરશ્રી એમ.કે.દાસની ટીમવર્ક કામગીરી,ઉત્કૃષ્ટ હતી. સુરત મહાનગરપાલિકા કરતા મોટી વહીવટી કામગીરી સંભાળવા જઈ રહ્યા છે. ત્યારે ચૂંટાયેલી પાંખ, અધિકારીઓ,અને શહેરની જનતા વતી શુભકામના પાઠવું છું. આ પ્રસંગે મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા તથા ડે.કમિશનર શ્રી (પી.અને.ડી.) શ્રી જે.એમ.પટેલે કમિશનરશ્રી એમ.કે.દાસને સ્મૃતિ ભેટ અર્પણ કરી હતી.

આ પ્રસંગે પોલીસ કમિશનરશ્રી રાકેશ અસ્થાના એ જણાવ્યું હતું કે કમિશનર દાસ સાહેબ સાથે મારે ઘણો જુનો ઘરોબો છે. કમિશનરશ્રી એમ.કે.દાસ જયારે બરોડા માં કમિશનર તરીકે હતા ત્યારે પણ સાથે હતા, ત્યાર પછી સુરતમાં પણ સાથે રહ્યા તેથી શહેરના વિકાસ કાર્યોના સંકલનમાં એમનો ઘણો સહકાર મળ્યો છે. બરોડા

કમિશનર તરીકે હતા ત્યારે પણ એમ.કે.દાસે ઘણા અવોર્ડ મેળવ્યા અને સુરત શહેરમાં પણ કમિશનર તરીકેના કાર્યકાળમાં એવોર્ડો મેળવ્યા છે. જે તેમની વહીવટી કાર્યદક્ષતાની નિપૂણતા પુરવાર કરે છે.

કમિશનરશ્રી એમ.કે.દાસે. વિદાયમાનનો પ્રતિભાવ આપતા જણાવ્યુ હતું કે સારો સમય ઝડપથી પસાર થઈ જાય છે. ત્રણ વર્ષનો સમય કયાં પસાર થઈ ગયો એ ખબર જ ન પડી.સુરત મહાનગરપાલિકાની ટીમની કાર્યક્ષમતા અદ્ભુત છે. વહીવટી પાંખ અને ચૂંટાયેલી પાંખનો સકારાત્મક અભિગમથી સુરત શહેરનો વિકાસ શકય બન્યો છે. સુરત શહેરની જનતા પણ નિસ્વાર્થ ભાવે શહેર વિકાસના કાર્યોમાં સતત સાથ આપતી રહી છે. આવી પ્રેમાળ જનતા અન્ય શહેરોમાં જોવા ન મળે સુરત શહેર માટે નવી ટી.પી.સ્કીમ હોઈ કે ગોપીતળાવના વિકાસની કામગીરી બાબતે પણ શહેરની જનતા,ચૂટાયેલી પાંખનો,અને મીડીયાનો પણ એટલોજ સહકાર મળ્યો છે. દિલ્હી તથા અન્ય શહેરોની ટીમ સુરતના વિકાસને નિહાળવા આવે છે. ભારત સરકાર દ્વારા શહેર વિકાસની કામગીરીની નોંધ લેવામાં આવે છે. એ શહેર માટે ગૌરવની બાબત છે. કમિશનરશ્રી મિલિન્દ તોરવણે શહેરની વિકાસ ગાથાની વિકાસ યાત્રામાં સહભાગી થયા છે. એમનું પણ આ પ્રસંગે હાર્દિક સ્વાગત કરું છું.

આ કાર્યક્રમ પ્રસંગે મા.સાંસદશ્રી સી.આર.પાટીલ, અને દર્શનાબેન જરદોશ ધારાસભ્યશ્રીઓ, મા.નિરંજન ઝાંઝમેરા,મા.ડે.મેયર શ્રીમતિ રંજનબેન વેકરિયા,મા.અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ નિરવભાઈ શાહ,મા.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,મા.કમિશનરશ્રી એમ.કે.દાસ,મા.શાસકપક્ષ નેતાશ્રી કીશોરભાઈ બિંદલ,મા.નેતાશ્રી વિરોધપક્ષ શ્રી બાબુભાઈ રાયકા,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ મ્યુ.સદસ્યશ્રીઓ,મા.કલેકટરશ્રી જયપ્રકાશ શીવહરે,મા.પોલીસ કમિશનરશ્રી રાકેશ અસ્થાના, અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.અંતમાં આભારવિધિ મા.આસી.કમિશનરશ્રી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી(પી.અને.આઈ)એ કરી હતી.

TOP

## ડીમોલીશનની કામગીરી બાબતની પ્રેસનોટ

<table>
<tr><td>૧</td><td>ટી.પી.સ્કીમ નંબર</td><td colspan="3">૨૪(ટુંકી)</td></tr>
<tr><td>૨</td><td>વિસ્તાર</td><td colspan="3">બહુચરાજી માતાના મંદિર પાછળ, નિલકંઠ ઈન્ડ. વિભાગ–૩</td></tr>
<tr><td rowspan="3">૩</td><td>ફાયનલ પ્લોટ નંબર</td><td colspan="3">૧૨ પૈકી</td></tr>
<tr><td>સબ પ્લોટ નંબર</td><td colspan="3">૩</td></tr>
<tr><td>રીઝર્વેશન પ્લોટ નંબર</td><td colspan="3">–</td></tr>
<tr><td>૪</td><td>કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોર્મશીયલ / શૈક્ષણિક વિગેરે</td><td colspan="3">ઈન્ડસ્ટ્રીયલ</td></tr>
<tr><td rowspan="7">૫</td><td rowspan="7">તોડવામાં આવેલ બાંધકામની વિગત</td><td>માર્જીન</td><td>માપ (ફુટમાં)</td><td>ચો.ફુટ (વિસ્તાર)</td></tr>
<tr><td>ભોંયતળિયે</td><td></td><td></td></tr>
<tr><td>પ્રથમ માળ</td><td></td><td></td></tr>
<tr><td>બીજો માળ</td><td></td><td></td></tr>
<tr><td>ત્રીજો માળ</td><td></td><td>આશરે ર૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં સ્લેબ માટેનું સેન્ટીંરગ / શટરીંગ સહિતનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.</td></tr>
<tr><td>ચોથો માળ</td><td></td><td></td></tr>
<tr><td>પાંચમો માળ</td><td></td><td></td></tr>
<tr><td>૬</td><td>માલિકનું નામ</td><td colspan="3">શ્રી કરશનભાઈ પટેલ</td></tr>
<tr><td>૭</td><td>આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૮</td><td>પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td rowspan="2">૯</td><td>તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા</td><td colspan="3">જુની.ઈજનેર – ૩<br>ડે.ઈજનેર–૧</td></tr>
<tr><td>બેલદારની સંખ્યા</td><td colspan="3">૧૨</td></tr>
<tr><td>૧૦</td><td>મશીન / વાહનની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૧૧</td><td>વસુલ કરવામાં આવેલ ડીમોલીશન</td><td colspan="3">–</td></tr>
<tr><td>૧૨</td><td>ડીપોઝીટ અથવા અન્ય વહીવટી</td><td colspan="3">૧૫,૦૦૦/–</td></tr>
</table>

| | | |
|---|---|---|
| | ચાર્જની વિગત | |
| ૧૩ | અન્ય વિગત. | — |

TOP

## જયાપાર્વતી વ્રત (અલુણાવ્રત) નિમિત્તે બાગોમા પ્રવેશ બાબત.

સુરત મહાનગરપાલિકા હસ્તકના નીચે જણાવેલ બાગોમાં જયાપાર્વતી વ્રત નિમિત્તે તા.૧૦/૦૭/૧૪ થી તા.૧૪/૦૭/૧૪ સુધી નીચે જણાવેલ બાગોમા બપોરે ૦૩:૦૦ થી રાત્રે ૧૧:૦૦ કલાકે બાગ બંધ થાય ત્યાં સુધી ફકત બહેનો / નાના બાળકો / બાલીકાઓને / વરિષ્ઠ નાગરીકોને જ દાખલ થવા દેવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| પત્રક | | | |
| 1 | ગાંધીબાગ–ચોક | 2 | કવિશ્રી જયંત પાઠક ક્રિંડાંગણ સગરામપુરા |
| 3 | સ્નેહ મિલન બાગ – ટીમલીયા વાડ | | |
| વેસ્ટ | | | |
| 4 | નેતાજી સુભાષચંદ્ર બોઝ ઉદ્યાન – રાંદેર | 5 | મોરારજી દેસાઈ ઉદ્યાન – અડાજણ |
| 6 | જયોતિન્દ્ર દવે ઉદ્યાન – જોગાણી નગર | 7 | સોમેશ્વર મહાદેવ બાગ – પાલ |
| 8 | પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઉદ્યાન – રાંદેર | | |
| સાઉથ વેસ્ટ | | | |
| 9 | લેકવ્યુ ગાર્ડન – પીપલોદ | 10 | સિધ્ધરાજ જયસિંહ સોલંકી ઉદ્યાન – અલથાણ |
| 11 | જવાહરલાલ નહેરુ ઉદ્યાન – અઠવાલાઈન્સ | 12 | મહારાજા અગ્રેસન ઉદ્યાન – સીટી લાઈટ |
| 13 | સરોજીની નાયડુ ઉદ્યાન – ઉમરા | 14 | કવિશ્રી નવલરામ પંડયા ફલોરા પાર્ક – ઉમરા |
| 15 | સ્વામી વિવેકાનંદ ઉદ્યાન –જીવકોરનગર | | |
| સાઉથ | | | |
| 16 | ઝાંસી કી રાણી લક્ષ્મીબાઈ ઉદ્યાન – ઉધના | 17 | સ્વ.શ્રી નવિનચંદ્ર મફતલાલ ઉદ્યાન – ભેસ્તાન |
| 18 | ઉમીયામાતા ઉદ્યાન – ખરવરનગર | | |
| ઈસ્ટ | | | |
| 19 | મહારાણા પ્રતાપ ઉદ્યાન – વરાછા | 20 | પૃષ્ટિ ઉદ્યાન – મગોબ |
| 21 | ઝવેરચંદ મેઘાણી ઉદ્યાન – વરાછા | 22 | શહીદ વીર ભગતસીંહ ઉદ્યાન – ત્રિકમનગર |
| નોર્થ | | | |
| 23 | વીર સાવરકર ઉદ્યાન – કતારગામ | 24 | ડો.શ્યામાપ્રસાદ મુખરજી લેક ગાર્ડન – કતારગામ |
| 25 | પ્રેમાનંદ ઉદ્યાન – સીંગણપોર | | |

TOP

# સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની ડીમોલીશનની કામગીરી બાબત

<table>
<tr><td>૧</td><td>ટી.પી.સ્કીમ નંબર</td><td colspan="3">૩૯(ઉધના–લિંબાયત)</td></tr>
<tr><td>૨</td><td>વિસ્તાર</td><td colspan="3">વિનોબા નગર</td></tr>
<tr><td rowspan="3">૩</td><td>ફાયનલ પ્લોટ નંબર</td><td colspan="3">૩/બી</td></tr>
<tr><td>સબ પ્લોટ નંબર</td><td colspan="3">૫,૬</td></tr>
<tr><td>રીઝર્વેશન પ્લોટની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૪</td><td>કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર(રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે)</td><td colspan="3">શૈક્ષણિક<br>ઈન્દિરા ગાંધી મેમોરીયલ સ્કુલ</td></tr>
<tr><td rowspan="6">૫</td><td rowspan="6">તોડવામાં આવેલ બાંધકામની વિગત<br><br>સેન્ટરીંગ તથા શટરીંગ</td><td>માર્જીન</td><td>માપ(ફુટમા)</td><td>ચો.ફુટ(વિસ્તાર)</td></tr>
<tr><td>ભોયતળિયે</td><td>–</td><td>–</td></tr>
<tr><td>પ્રથમમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>બીજોમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>ત્રીજોમાળ</td><td>૩૦'×૬૦'</td><td>૧૮૦૦</td></tr>
<tr><td>ચોથોમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>૬</td><td>માલિકનું નામ</td><td colspan="3">શિલાબેન દિક્ષીત</td></tr>
<tr><td>૭</td><td>આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત</td><td colspan="3">તા. ૨૭/૦૬/૨૦૧૪ ના રોજ ધી.બી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ ની કલમ–૨૬૦(૧)(અ) હેઠળ નોટીસ આપવામાં આવેલ.</td></tr>
<tr><td>૮</td><td>પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત</td><td colspan="3">મંજુર ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૩૯(ઉધના–લિંબાયત) ના ફા.પ્લોટ નં. ૩/બી માં આવેલ વિનોબા નગરના સબ પ્લોટ નં. ૫,૬ પર હયાત ગ્રાઉન્ડ ફ્લોર ત્ર બે માળના ઈન્દિરા ગાંધી મેમોરીયલ સ્કુલના બિલ્ડીંગ પર મિલ્કતદારો દ્વારા ત્રીજા માળનું બાંધકામ શરૂ કરવામાં આવેલ હતું. જેને ધી.બી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ ની કલમ– ૨૬૦(૧)(અ) હેઠળ નોટીસ આપી, કાયદેસરની કાર્યવાહી કરી, આજ રોજ આશરે ૩૦' × ૬૦' માપ વિસ્તારમાં કરેલ સેન્ટરીંગ તથા શટરીંગ, અત્રેની ઝોન કચેરીના ટેકનીકલ સ્ટાફ, દબાણ સ્ટાફ તથા પ્રાઈવેટ કોન્ટ્રાકટરના મજુરો દ્વારા ડીમોલેશન કરી દુર કરવામાં આવેલ તથા આશરે ૧૦૦૦ ચો.ફુટ જેટલું ચણતર કામ તથા આર.સી.સી. ના કોલમોને ડીમોલેશન કરી દુર કરવામાં આવેલ છે.</td></tr>
<tr><td rowspan="2">૯</td><td>તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા</td><td colspan="3">૫</td></tr>
<tr><td>બેલદારની સંખ્યા</td><td colspan="3">૨૦</td></tr>
<tr><td>૧૦</td><td>મશીન / વાહનની વિગત</td><td colspan="3"></td></tr>
<tr><td>૧૧</td><td>વસુલ કરવામાં આવેલ ડીમોલીશન ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત</td><td colspan="3">રૂ.૨૦૦૦૦/–</td></tr>
<tr><td>૧૨</td><td>ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૧૩</td><td>અન્ય માહિતી</td><td colspan="3"></td></tr>
</table>

TOP

## સુરત મહાનગરપાલિકા આયોજીત મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૯/૦૭/૨૦૧૪ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની મહેંદી સ્પર્ધા, બપોરે ૩.૦૦ કલાકે માધ્યમિક વિભાગની મહેંદી સ્પર્ધા અને તા.૧૦/૦૭/૨૦૧૪ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધાનું આયોજન સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે તથા તા.૧૧/૦૭/૨૦૧૪ના રોજ સવારે ૯.૦૦ કલાકે ગોરમાગીત સ્પર્ધાનું આયોજન ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન), ચોક બજાર, મકકાઈપુલ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધાઓમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## નેચર પાર્ક નો વયોવૃધ્ધ સિંહ નામે બહાદુર ની દૈનિક ગતિવિધીમાં ઢીલાશ અને સુસ્તી

નેચર પાર્ક ખાતે ભગવાન બિરસા મુંડા ઝુલોજીકલ પાર્ક, રાંચી થી એક હાઈબ્રીડ સિંહની જોડી માહે – ફેબ્રુઆરી – ૨૦૦૭ માં લાવવામાં આવેલ હતી. ત્યારે હાઈબ્રીડ સિંહ નામે બહાદુર ની ઉંમર ૧૯ વર્ષની હતી ને નેચરપાર્કમાં સિંહના પિંજરામાં મુલાકાતીઓના પ્રદર્શન માટે મુકવામાં આવેલ. જે હાલમા ૨૬૧/૨ વર્ષનો થતા તેમની દૈનિક ગતિવિધી, હલન ચલન અને દિનચર્યા માં ઢીલાશ અને સુસ્તી ઉપરાંત તેઓએ ખોરાક લેવાની માત્રા પણ ઓછી કરી દીધેલ હોવાનું જણાય આવેલ છે. જંગલનો રાજા સિંહનું આયુષ્ય કુદરતી વાતાવરણમાં ૧૬ થી ૧૮ વર્ષનું હોય છે. અને પ્રાણી સંગ્રહાલયમાં પશુ સારવાર અને ખોરાકમાં વધુ પડતું ધ્યાન રાખવામાં આવતું હોવાથી તેનું આયુષ્ય ૧૮ થી ૨૦ વર્ષનું હોય છે. પરંતુ આ સિંહ અપવાદરૂપે ૨૬૧/૨ વર્ષ થી વધુ આયુષ્ય સરથાણા પ્રાણી સંગ્રહાલય ખાતે ભોગવી રહેલ છે. જે સરથાણા પ્રાણી સંગ્રહાલય અને તેની સાથે સંકળાયેલ અધિકારી, કર્મચારી અને ઝુ કીપરશ્રી ઓ માટે ખુબ જ મહત્વની બાબત છે. જે પ્રાણી સંગ્રહાલય ના અધિક્ષકે એક યાદીમાં જણાવ્યુ છે.

TOP

## તમામ ઝોનની કામગીરી બાબત :–

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ.ચા. ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ શાક માર્કેટ, સુપર સ્ટોર દુકાનો, કોર્મશીયલ કોમ્પલેક્ષ, હોકર્સ, રીટેલ શોપ, પ્લાસ્ટીક સપ્લાયર્સ વિગેરે સ્થળોએ ઉપયોગમાં લેવામાં આવતી પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓનો ઉપયોગ ન થાય તે હેતુસરની જનજાગૃતિ અંતર્ગત તા. ૮–૭–૧૪ નાં રોજ સવારથી સાંજ સુઘી જે તે ઝોન મારફતે પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયત ઝુંબેશ હાથ ઘરવામાં આવેલ. તમામ ઝોન વિસ્તારમાં કરવામાં આવેલ કામગીરીની માહિતી નીચે મુજબ છે. વધુમાં આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

| અ નં. | ઝોનનું નામ | ચેક કરેલ સંસ્થાની સંખ્યા | જપ્ત કરેલ પ્લાસ્ટીક જથ્થો (કિ.ગ્રા.) | વસુલ કરેલ વહીવટી ખર્ચ (રૂા.) | કસુરવાર ઈસમની સંખ્યા | આપેલ નોટીસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | કતારગામ | ૨૨૯ | ૨૬.૩૦૦ | ૩૨,૪૫૦ | ૦ | ૧૦૮ |
| ૨ | સેન્ટ્રલ | ૧૪૬ | ૫૩.૭૦૦ | ૨૪,૮૦૦ | ૧૪૬ | ૭૧ |
| ૩ | રાંદેર | ૭૮ | ૧૯.૩૦૦ | ૨૫,૯૦૦ | ૭૨ | ૧૬ |
| ૪ | અઠવા | ૨૨૬ | ૬૭.૦૦૦ | ૪૬,૬૦૦ | ૧૫૨ | ૩૬ |
| ૫ | વરાછા | ૭૪ | ૩૯.૦૦૦ | ૧૯,૭૦૦ | ૭૪ | ૦ |
| ૬ | લીંબાયત | ૧૧૦ | ૩૩.૧૦૦ | ૨૩,૬૦૦ | ૧૧૦ | ૦ |
| ૭ | ઉધના | ૮૧ | ૨૩.૦૦૦ | ૭,૮૫૦ | ૮૧ | ૩૩ |
| | કુલ | ૯૪૪ | ૨૬૧.૪૦૦ | ૧૮૦૯૦૦ | ૬૩૫ | ૨૬૪ |

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત :–

<table>
<tr><td>૧</td><td>ટી.પી.સ્કીમ નંબર</td><td colspan="3">૬૧ (પરવત–ગોડાદરા)</td></tr>
<tr><td>૨</td><td>વિસ્તાર</td><td colspan="3">નારાયણ નગર ઈન્ડસ્ટ્રીઝ</td></tr>
<tr><td rowspan="3">૩</td><td>ફાયનલ પ્લોટ નંબર</td><td colspan="3">૬</td></tr>
<tr><td>સબ પ્લોટ નંબર</td><td colspan="3">એન/૪,૫,૬,૭</td></tr>
<tr><td>રીઝર્વેશન પ્લોટની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૪</td><td>કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે)</td><td colspan="3">ઈન્ડસ્ટ્રીયલ<br>એમ.એસ. સ્ટ્રકચર તથા પતરાનો શેડ</td></tr>
<tr><td rowspan="6">૫</td><td rowspan="6">તોડવામાં આવેલ બાંધકામની વિગત</td><td>માર્જીન</td><td>માપ(ફુટમા)</td><td>ચો.ફુટ(વિસ્તાર)</td></tr>
<tr><td>ભોયતળિયે</td><td>–</td><td>–</td></tr>
<tr><td>પ્રથમમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>બીજોમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>ત્રીજોમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>ચોથોમાળ</td><td>૭૫'×૪૮'</td><td>૩૬૦૦</td></tr>
<tr><td>૬</td><td>માલિકનું નામ</td><td colspan="3">મુકતાબેન સવજીભાઈ પટેલ</td></tr>
<tr><td>૭</td><td>આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત</td><td colspan="3">મૌખિક જણાવવામાં આવેલ હતું.</td></tr>
<tr><td>૮</td><td>પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત</td><td colspan="3">સદર ગ્રાઉન્ડ ત્ર ત્રણ માળની મિલ્કત પર ચોથા માળે મિલ્કતદારો દ્વારા એમ.એસ.સ્ટીલ નું સ્ટ્રકચર ઉભું કરી પતરાનું ઈન્ડસ્ટ્રીયલ શેડ બનાવવામાં આવેલ હતું. જે આજરોજ અત્રેની ઝોન કચેરીના સ્ટાફ દ્વારા પતરાનો શેડ તથા  એમ.એસ. સ્ટ્રકચર ને દબાણનું સ્ટાફ તેમજ ખાનગી કોન્ટ્રાકટરના માણસોના મદદ તી દુર કરવામાં આવેલ. તથા સાઈડ ના પતરા કાઢવાનું કામ પ્રગતિ હેઠળ છે.</td></tr>
<tr><td rowspan="2">૯</td><td>તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા</td><td colspan="3">૬</td></tr>
<tr><td>બેલદારની સંખ્યા</td><td colspan="3">૨૦</td></tr>
<tr><td>૧૦</td><td>મશીન / વાહનની વિગત</td><td colspan="3"></td></tr>
<tr><td>૧૧</td><td>વસુલ કરવામાં આવેલ ડીમોલીશન ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત</td><td colspan="3">રૂા.૫૦,૦૦૦/–</td></tr>
<tr><td>૧૨</td><td>ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૧૩</td><td>અન્ય માહિતી</td><td colspan="3">–</td></tr>
</table>

TOP

## સાઉથ ઝોન (ઉધના)ની મિટીંગ /સ્થળ તપાસ બાબત :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન (ઉધના)ના નયમહ વિસ્તારમાં, પાણીના ટેન્કર ધ્વારા પાણી લેવામાં આવે છે અને ખાનગી બોરીંગ ધ્વારા પાણીની લાઈન નાંખી પાણી સપ્લાય કરવાની અનઅધિકૃત કામગીરી કરવામાં આવતી હોવાનું જણાય આવેલ છે, જે અન્વયે કોમર્શીયલ બોરીંગ તેમજ ખાનગી પાણીના ટેન્કરોનો વેપારને નિયંત્રણમાં રાખવા માટે આજ તા.૮–૭–૨૦૧૪, મંગળવારના રોજ ઉધના ઝોન વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાના સીટી ઈજનેર, એડી.સીટી ઈજનેર અને ઉધના ઝોનના ઝોનલ ચીફ, ઉધના ઝોનના ઝોનલ ઓફિસર, હાઈડ્રોલિક ઈજનેર, વિજીલન્સ વિભાગના અધિકારી તેમજ અન્ય અધિકારીઓ સાથે મિટીંગ / સ્થળ તપાસ કરવામાં આવી અને તે દરમ્યાન નીચે મુજબની માહિતી મળવા પામેલ છે.

(૧) ખાનગી બોર બનાવવા માટે સરકારશ્રીના સંબંધિત વિભાગની કોઈ મંજૂરી લેવામાં આવેલ નથી તથા કોઈ જગ્યાએ રજીસ્ટેશન / નોંધણી કરાવવામાં આવેલ નથી અને સુરત મહાનગરપાલિકા કરતાં, ઓછા ભાવે પાણી સપ્લાય કરે છે.

(૨) કોમર્શીયલ બોરીંગના પાણીના બીલની રકમ રોકડેથી ચૂકવવાના કારણે આવક વેરા (ઈન્કમટેક્ષ) પણ ભરવામાં આવતો ન હોય તેમ જણાય છે.

(૩) સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ તરફથી આ વિસ્તારોમાં પાણીનો જથ્થો નયમહ/ઈન્ડસ્ટીઝને સુરત મહાનગરપાલિકાના એમ.ઓ.યુ. મુજબ અંદાજીત ૭૦–૭૫ એમ.એલ.ડી. જથ્થો પૂરો પાડવામાં આવે છે જયારે નયમહના ડ્રનેજ પંપીંગ સ્ટેશનમાં અંદાજીત ૯૫ એમ.એલ.ડી. જેટલો જથ્થો જ ટ્રીટ થવા આવે છે, જે જોતાં, અંદાજીત ૨૦–૨૫ એમ.એલ.ડી. પાણીનો જથ્થો કોમર્શીયલ બોરીંગ / ખાનગી ટેન્કર સપ્લાયરો મારફત મેળવવામાં આવતો હોય તેમ જણાય છે. જેથી દર વર્ષે અંદાજીત રૂા.એકવીસ કરોડ જેટલી સુરત મહાનગરપાલિકાને આવક ઓછી મળે છે.

(૪) હાલમાં ટ્ર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવેલ છે જેનાથી નયમહ/ઈન્ડસ્ટ્રીઝને વધારે જરૂરીયાતનું પાણી પુરૂ પાડવાની કાર્યવાહી ચાલુ છે. કુલ ૧૨૮ ઈન્ડસ્ટ્રીઝ પૈકી ૪૨ યુનિટમાં કામગીરી પૂર્ણ થયેલ છે અને બાકીની કામગીરી દશ–બાર દિવસમાં જ પૂર્ણ કરવામાં આવશે.

(૫) તપાસ દરમ્યાન ખાનગી બોરીંગ સપ્લાયર ૨૫ જેટલા જણાયેલ, જયારે પાંચ સ્થળોએ અંડર ગ્રાઉન્ડ પાણીની લાઈન નાંખવામાં આવેલ હોવાનું ધ્યાને આવેલ છે જે દુર કરવામાં આવી છે. ઉકત ખાનગી બોરીંગ બંધ કરવા માટે તઝભ ખ.ોહ બ'ત્ની જોગવાઈ મુજબ કાયદેસરની કારણદર્શક નોટીશ આપવામાં આવી છે, જેની મુદ્દત પુરી થયેથી કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

(૬) નીચે જણાવેલ સંસ્થા /એજન્સી/ખાનગી બોરીંગ સપ્લાયરને કારણદર્શક નોટીશ આપવામાં આવેલ છે.

(૧) જયંતીલાલ પરાગજીભાઈ દેસાઈ, રે.સ.નં.૯૨/પૈકી પ્લોટ નં.૬, સિધ્ધાર્થનગર નહેર પાસે,

(૨) તેજસકુમાર રતિલાલ અને સંદિપ ધનસુખલાલ ઠીમસી, ગોવર્ધન ગેસ પાસે, ભગવતીનગર ઈન્ડ.એસ્ટેટ, ભેસ્તાન–સુરત.

(૩) શ્રીનીધી ઓમપ્રકાશ મારૂ, ૧૦૮/ગોરજીવાલા એસ્ટેટ, ભેસ્તાન–સુરત

(૪) પ્રવિણભાઈ ખીમજીભાઈ પગડર, શનિદેવ ઓઈલ મીલ પાસે, ભેસ્તાન–સુરત

(૫) ગાયત્રીબેન પ્રભુભાઈ મહેશ્વરી, મનોજકુમાર ગોવિંદરામ અગ્રવાલ તથા પવનકુમાર છન્ગામલ ગુપ્તા, ૨,૩ ગોરજીવાલા એસ્ટેટ, ભેસ્તાન–સુરત.

(૬) દિવ્યેશકુમાર શીવદાસભાઈ મહાત્મા, ૩૮–૩૯ ગોરજીવાલા એસ્ટેટ, ભેસ્તાન–સુરત

(૭) સોપાનરાવ સાહેબરાવ કોલસે, ૬૫, ચલીયાવાલા ઈન્ડ., ભેસ્તાન–સુરત

(૮) મિત્રસેન ઉમરાવસીંગ, ઝુંપડા નં.૨૦૭, ભેદવાડ ઝુપડપટ્ટી.

(૭) નીચેના સ્થળોએ પાણીની લાઈનો કાઢી નાંખવામાં આવી છે.

(૧) પાંડેસરા જી.આઈ.ડી.સી.''એ'' રોડ

(૨) પાંડેસરા જી.આઈ.ડી.સી.''ઈ''રોડ

(૩) ભેદવાડ ખાડી કિનારેથી ખુલ્લી જગ્યા

(૪) ચલીયાવાલા ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી તેમજ તેની આજુબાજુનો વિસ્તાર

(૫) પાંડેસરા જી.આઈ.ડી.સી. આરમોં ડાઈંગની પાછળના ઓપન સ્પેશ

(૬) સિધ્ધાર્થનગર કેનાલ રોડ તેમજ ગૌતમનગર ચાર રસ્તાથી હોટમીક્ષ પ્લાન્ટ થઈ ગેકટો સબ સ્ટેશન સુધીનો રસ્તો

(૭) સુડા અવાસ–વામ્બે આવાસ રોડ, ભેસ્તાન–સુરત

(૮) પાણીના ટેન્કરો અને બોરીંગ સ્પોટ અંગેની માહિતી માટે સુરત મહાનગરપાલિકાના સુપરવાઈઝરી સ્ટાફને મૂકી, કયા નંબરની ગાડી, કયા સમયે નીકળે કયા સ્થળે જાય છે તે મુજબની વિગતો એકત્ર કરી, તે માહિતી ઉધના ઝોનમાં કંટોલ રૂમમાં દર બે કલાકે મેળવવામાં આવશે અને સંબંધિતો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તથા નીચે જણાવેલ મિલોમાં (૧) અશોક મીલ્સ પ્લોટ નં.૨૬૧/૧, (૨) મહેશ સીલ્ક મીલ્સ, ૫૬૦/૫૭૧, (૩) અન્નપુર્ણા ઈન્ડ. (૪) ઓલીયા મીલ્સ પ્લોટ નં.૨૬૦/એ, (૫) પુજા મીલ્સ, (૬) સમૃધ્ધિ પ્રોસેસ, (૭) ગંગા ડાઈગ પ્લોટ નં.૨૮૭/૨૮૮, (૮) સી.એમ.સી. ઈન્ડ પ્લોટ નં.૨૯૪૪/૧૦, (૯) મનીષ ડાઈગ પ્લોટ નં.૪૨૯, (૧૦) પ્રતિષ્ઠા મીલ્સ પ્લોટ નં.૧૨૭, (૧૧) ક્રિષ્ના આર્ટ એન્ડ સીલ્ક મીલ્સ પ્લોટ નં.૨૬૧/૨, (૧૨) ઓરીએન્ટલ ડાઈગ એન્ડ પ્રિન્ટીંગ મીલ્સ ઉપરોકત જગ્યાએ મહાનગરપાલિકાનો સુપરવાઈઝરી સ્ટાફ તથા સીકયુરીટી ગાર્ડ ફરજ ઉપર રાઉન્ડ ધી કલોક મુકવામાં આવેલ છે. વધુમાં, જે–તે ખાનગી બોર માલિકોનાં સ્થળ જેવા કે (૧) પ્રમુખપપાર્ક, ભેદવાડ, (૨) ભગવતીનગર ઈન્ડ., ભેસ્તાન, (૩) સિધ્ધાર્થનગર નહેર, ભેસ્તાન, (૪) સી.ઓ.પી.પ્લોટ નં.એ/૨/૩, પ્રમુખ પાર્ક ઈન્ડ.એસ્ટેટ, મોજે ભેદવાડ તથા (૫) ધનશ્યામ કોમ્પલેક્ષની સામે પ્રમુખ પાર્ક ઈન્ડ. એસ્ટેટ ખાતે પણ સુરત મહાનગરપાલિકાનો સુપરવાઈઝરી સ્ટાફ તથા સીકયુરીટી ગાર્ડ ફરજ ઉપર રાઉન્ડ ધી કલોક મુકવામાં આવેલ છે.

(૯) જે યુનિટ /ઈન્ડસ્ટ્રીઝમાં પાણી, પાણીના ટેન્કરો ધ્વારા લેવામાં આવે છે તેમ ધ્યાને આવશે તો યુનિટ સાથેનાં સહમંતિ કરારની શરતો મુજબ ટેન્કર દીઠ રૂા.૧૦૦૦/– પેનલ્ટી વસૂલવામાં આવશે.

(૧૦)પાણીના કોમર્શીયલ બોરીંગ અન્વયે સુરત મહાનગરપાલિકા અને મનઅહી સાથે સંકલન કરી, આવા બોરીંગના માલિકો તરફથી જે ઈલેકટ્રીક કનેકશન જે હેતુ માટે મેળવવામાં આવેલ છે તે અંગે તપાસ કરી જો આવા માલિકો ધ્વારા હેતુફેર કરી બોરીંગ મારફત પાણી વેચાણ કરવાનો ધંધો કરવામાં આવતો હોય તો , તે અંગે કાયદેસરનાં પગલા લેવા મનઅહી ને જણાવવામાં આવેલ છે.

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત :–

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ / સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ તા.૦૮/૦૭/૧૪ના રોજ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વેડ રોડ થી કતારગામ દરવાજા તરફનાં રસ્તા ઉપર સાંઈબાબા મંદિર પાસે લાગુ ફુટપાથ તથા જાહેર રસ્તા ઉપર હિત ધરાવનારા ઈસમો ધ્વારા ધંધાકીય હેતુસર ખાણી–પીણીની લારીઓ તથા ટેબલ–ખુરશી મુકી રસ્તા ઉપર કરવામાં આવેલ દબાણ આજ રોજ સેન્ટ્રલ ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રી, ડે.ઈજનેર તથા કર્મચારીઓ સહિતના દબાણ ખાતાના સ્ટાફ ધ્વારા કતારગામ પોલિસ સ્ટાફના સહયોગથી સદરહુ દબાણ તા.૦૮/૦૭/૧૪ના રોજ દુર કરવામાં આવેલ છે તથા હિતસંબંધિઓ ધ્વારા જાહેર રસ્તા ઉપર સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર મંડપ બાંધવાના ઈરાદાથી લાકડાના ટેકા ઉભા કરી કરવામાં આવેલ દબાણ દુર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

વધુમાં હિત ધરાવનારા ઈસમો ધ્વારા સદરહુ સ્થળ વિસ્તાર ખાતે લાગુ દિવાલ ઉપર ગેરકાયદેસર રીતે ઈલેકટ્રીક બોર્ડ તથા વાયરીંગ લગાડવામાં આવેલ હોવાનું જણાતા અત્રેથી ટોરેન્ટ પાવરનાં કર્મચારીઓ સહિતનાં સ્ટાફનાં સહયોગથી સદરહુ ઈલેકટ્રીક બોર્ડ તથા વાયરીંગ દુર કરવામાં આવેલ છે તેમજ સંબંધિત ઈસમો ઉપર કાયદેસરનાં પગલા ભરવા સૂચના આપવામાં આવેલ છે.

સદરહુ કામગીરી દરમ્યાન નીચે જણાવેલ સામાન અત્રેથી જમા લેવામાં આવેલ છે.

(૧) બંધ લારી–૦૪

(૨) લોખંડનું કાઉન્ટર–૦૧

(૩) ખુલ્લી લારી–૦૩

(૪) પ્લાસ્ટીક ટેબલ–૦૭

(૫) લોખંડનું ટેબલ–૦૧

(૬) પ્લાસ્ટીક સ્ટુલ–૦૭

(૭) પ્લાસ્ટીક ખુરશી–૨૦

(૮) મોટી છાપરાવાળી લારી–૦૨

(૯) પ્લાસ્ટીક કેરેટ–૦૧

(૧૦) લાકડાનુ ટેબલ–૦૧

(૧૧) અન્ય પરચુરણ સામાન– (સ્વીચ બોર્ડ, વાયર વિગેરે)

TOP

## માહે જુન ૨૦૧૪ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે જુન ૨૦૧૪ દરમ્યાન ૩૯૯૮ ઈન્ડોર તથા ૪૩૨૧૩ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૨૪૨૦ તથા ૫૭૯ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૯૬૭૧ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા.ટી.બીના નવા ૭૭૨ અને જુના ૨૪૯૧ દર્દીઓ સહીત કુલ ૩૨૬૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૨૯૧ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૯૭૦ તથા આંખ વિભાગમાં ૨૫૪૩ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા.લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૩૯૧૫ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબતઃ–

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ટી.પી.સ્કીમ નંબર | ૭ (આંજણા) | | |
| ૨ | વિસ્તાર | આંજણા ફાર્મ, રઘુકુલ માર્કેટ નજીક તથા સાંઈકૃપા ઈન્ડ. સોસા. સામે | | |
| ૩ | ફાયનલ પ્લોટ નંબર | – | | |
| | સબ પ્લોટ નંબર | – | | |
| | રીઝર્વેશન પ્લોટની વિગત | – | | |
| ૪ | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે) | – | | |
| ૫ | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ(ફુટમા) | ચો.ફુટ(વિસ્તાર) |
| | | ભોયતળિયે | – | – |
| | | પ્રથમમાળ | – | – |
| | | બીજોમાળ | – | – |
| | | .ત્રીજોમાળ | – | – |
| | | ચોથોમાળ | – | – |
| ૬ | માલિકનું નામ | – | | |
| ૭ | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | અવાર–નવાર રસ્તા પરનું દબાણ ખસેડવા માટે મૌખિક જાણ કરવામાં આવે છે. | | |
| ૮ | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | – | | |
| ૯ | કર્મચારીની સંખ્યા | ૦૮ | | |
| | બેલદારની સંખ્યા | ૧૨ | | |
| ૧૦ | મશીન / વાહનની વિગત | ૨ ટ્રક | | |
| ૧૧ | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | | | |
| ૧૨ | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | રૂા.૧૩,૦૦૦/– | | |
| ૧૩ | અન્ય માહિતી | ટી.પી. સ્કીમ નં. ૭(આંજણા) ખાતે આંજણા ફાર્મ વિસ્તારમાં આવેલ રેલ્વે ગરનાળાની નજીક આવેલ મિલન નગર તથા મગદુમ નગર વસાહતને લાગુ ટીપી રસ્તા ઉપર માથાભારે કાટપિટીયા/ભંગારવાળાઓનું આશરે ૧૦ નંગ ટેબલ, કબાટ વિગેરેનું ફર્નિચર તથા ૧૦ નંગ બારી–બારણાં સ્થળ ઉપરથી દુર કરી દબાણ/ટેકનીકલ વિભાગની ટીમ દ્વારા જપ્ત કરવામાં આવેલ છે. | | |

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધા બાબત :–

અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધામાં તા.૦૯/૦૭/૨૦૧૪ના રોજ પ્રાથમિક અને માધ્યમિક વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે યોજવામાં આવી હતી. ભારતીય પરંપરામાં શુકન ગણાતી મહેંદી મુકવાની પ્રણાલીને અનુસરતા સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધામાં ૭૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લઈ અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી હતી. સ્પર્ધામાં નીચે મુજબ વિજેતા જાહેર થયા હતા.

**પ્રાથમિક વિભાગ**

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | શાહ તરન્નુમ સલીમ શાહ | પઠાણ ઝીનત એ. |
| દ્વિતીય | શેખ અઝલફા નાઝી સુહેલઅહમ | પટેલ હિતેષી મનીષકુમાર |
| તૃતીય | જાદવ જીજ્ઞાશા મુકેશભાઈ | રાજ સબીહા રહીમભાઈ |
| આશ્વાસન | ટેલર મુદ્રા ધર્મેશભાઈ | પઠાણ અકસાબાનું અનવરખાન |
| | શેખ સનાપરવીન આઝમ | પઠાણ સમીરાબાનું એ |
| | ખટુંબરા સાજેદા | શાહ લબ્ધી મનીષકુમાર |
| | શાહ નરગીસબાનુ તુરાબશાહ | વરિયા રૂચિ નરેશકુમાર |
| | પ્રજાપતિ અલ્કા દશરથજી | નીતા રવજીભાઈ શિયાળ |

**માધ્યમિક વિભાગ**

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | શીરાવાલા જાનવી દિનેશભાઈ | દલાલ નિશી અલ્પેશકુમાર |
| દ્વિતીય | જરીવાલા હિનલ ભરતકુમાર | પટેલ અફીફા યાકુબભાઈ |
| તૃતીય | દલાલ રીચા મનોજકુમાર | એન્જીનીયર રીયા ભદ્રેશભાઈ |
| આશ્વાસન | નગોરીયા પુજા ચેતનકુમાર | કાપડીયા ઝીલ પ્રકાશભાઈ |
| .."..  | કનસાડવાલા ડિનલ અલ્પેશકુમાર | કંસાર હર્ષિલી રાજેશભાઈ |
| .."..  | સલીયા હર્ષિતા ભીખાભાઈ | રાબડિયા કૃપા પ્રવિણભાઈ |

પ્રાથમિક અને માધ્યમિક વિભાગની મહેંદી સ્પર્ધાના વિજેતાઓને ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા કુ.સ્વાતિબેન સોસા, મ્યુ.સભ્યશ્રીઓ અને નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. તા.૧૦/૦૭/૨૦૧૪ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે યોજાનાર ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધામાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## તા. ૯–૭–૧૪ નાં રોજ બુધવારની સંકલિત ગૃપ સફાઈ કામગીરીનો રીપોર્ટ

| અનં | વિગત | Total |
|---|---|---|
| અ | સફાઈ ઝુંબેશનો વિસ્તાર | |
| બ | કુલ ટીમની સંખ્યા | ૪૨ |
| ૧ | ડે. ઈજનેર | ૧ |
| ૨ | મુખ્ય આરોગ્ય નિરીક્ષક | ૧૭ |
| ૩ | જુ. –આસી. ઈજનેર / સુપરવાઇઝર | ૬ |
| ૪ | ગુમાસ્તાધારા ઈન્સ્પેકટર | ૪ |
| ૫ | ટેકનીકલ આસી. | ૪ |
| ૬ | વાયરમેન | ૮ |
| ૭ | આરોગ્ય નિરીક્ષક / મ.આ. નિરીક્ષક | ૭૫ |
| ૮ | ડ્રેનેજ ઈન્સ્પેકટર | ૦ |
| ૯ | પ્રાયમરી હેલ્થ વર્કરો | ૨૪ |
| ૧૦ | કડીયા / મુકાદમ | ૦ |
| ૧૧ | સફાઈ કામદારો / બેલદારો | |
| ૧૧ અ | આરોગ્ય વિભાગ | ૫૨૪ |
| ૧૧ બ | લોકસેવા વિભાગ | ૮૭ |
| ૧૧ ક | ડ્રેનેજ વિભાગ | ૦ |
| ૧૨ | કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીંગ મટીરીયલ, ડેબ્રીશનો નિકાલ કુલ મે. ટન | ૭૭.૨ |
| ૧૩ અ | દબાણ દુર કર્યાની વિગત | ૦ |
| ૧૩ બ | લારી | ૦ |
| ૧૩ ક | ગલ્લા | ૦ |
| ૧૩ ડ | અન્ય સામાન | ૦ |
| ૧૪ | ગુમાસ્તાધારા વિભાગ તરફથી ચેક થયેલ સંસ્થા | ૪૧ |
| ૧૫ અ | પ્રોફેશન ટેક્ષ અંતર્ગત કરેલ કામગીરી ચેક કરેલ સંસ્થા : | ૪૯ |
| ૧૫ બ | વસુલ કરેલ ટેક્ષની રકમ રૂા. | ૨૫૦૦ |
| ૧૬ | ફુટપાથ રીપેર કરી કુલ ચો. મી. | ૦ |
| ૧૭ | વોટરટેબલ રિસેટ કર્યા / રીપેર કર્યા / સ્ક્રેપીંગ કરી સાફ કર્યા કુલ (રનીંગ મીટર) | ૧૭ |
| ૧૮ અ | વરસાદી જાળીયા સાફ કર્યા નંગ | ૭ |
| ૧૮ બ | વરસાદી જાળીયા રીપેર કર્યા | ૧ |
| ૧૯ | લાઈટ વિભાગની કામગીરી | ૪૪ |

વી.બી.ડી.સી. વિભાગની કામગીરી

| | | |
|---|---|---|
| ૨૦ | કુલ ઘર સર્વે | ૪૭૧૯ |
| ૨૧ | બ્રીડીગ સ્પોટ ચેક કર્યા | ૯૦૫૭ |
| ૨૨ | પોઝીટીવ બ્રીડીગ સ્પોટ | ૨૭ |
| ૨૩ | બ્રીડીગ નાશ કર્યા | ૨૭ |
| ૨૪ અ | એનો. | ૭ |
| ૨૪ બ | એડીસ | ૧૬ |
| ૨૪ ક | કયુલેકસ | ૨ |
| ૨૪ ડ | મિશ્ર | ૧ |
| ૨૫ | તાવનાં કેસમાં સ્લાઈડ લીઘી | ૪૪૮ |
| ૨૬ | એફ.આર.ટી. આપી | ૧૮ |
| ૨૭ | ફોગીંગ આયોજન | ૧ |
| ૨૮ | કુલ નોટીસ / ચેતવણી | ૧૬૬ |
| ૨૯ | વહીવટી ખર્ચ વસુલાત | ૩૪૭૦૦ |
| ૩૦ | ઈસમોની સંખ્યા | ૧૯૪ |
| ૩૧ | પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કી.ગ્રા. | ૧૧.૧ |
| ૩૨ | અખાધ પ્રદાથોનો નાશ કી.ગ્રા. | ૩૭.૪ |
| ૩૩ | આંગણવાડીઓ ચેક કરી | ૪ |
| ૩૪ | શાળાઓ / સરકારી મકાન ચેક કર્યા | ૦ |
| ૩૫ | કામગીરીમાં જોડાયેલ આગેવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ / શાળાઓની વિગત | ૦ |

TOP

| સફાઈ ઝુંબેશનો વિસ્તાર :— | | |
|---|---|---|
| સેન્ટ્રલ ઝોન | : | હીજડાવાડ સર્કલથી નવો ડીમોલીશન રોડ થઈ ધોબીની ખાડી થઈ ભરવાડ ફળીયાથી નવસારી બજાર પોલીસ ચોકી સુધી, સગરામપુરા ગોલકીવાડ મસ્જીદથી લુહાર શેરી, શેત્રજીવાડ, સાગર મહોલ્લો, આમખાસ, સલાબતપુરા, દોરીયાવાડ આદર્શ માર્કેટની પાછળનો ભાગ તથા ખૈબર હોટલ થી મસ્જીદ સુધીનો ભાગ, કાઉન ડેરી થી ચૌટાબજાર ચાર રસ્તા |
| વરાછા ઝોન | : | ઉઘરશ ભૈયાની વાડી, ભારતી માતાની ચાલ, પાટીચાલ, ચોરશીયા ચાલ, ઈશ્વર કૃપા સોસાયટી, ચામુડાનગર મેઈનરોડ, લંબે હનુમાન રોડ |

| | | |
|---|---|---|
| રાંદેર ઝોન | : | સવાણી સર્કલથી એસબીઆઈ બેંક, એલ.પી. સવાણી થી હનીપાર્ક રોડ, શહીદ ચોક બન્ને બાજુ, એલ.પી. સવાણી થી વિધાકુંજ સ્કુલ બન્ને સાઈડ, હુયડાઈ શો રૂમ થી સાંઈ રચના સોસાયટી, સવાણી સર્કલથી સી.એન.જી. પંપ ચાર રસ્તા સુધી. |
| કતારગામ ઝોન | : | વેડરોડ, દાવલશા મેઈનરોડ થી રૂપલ લક્ષ્મીનગર થઈ નવનાથ ખાડા સુધીનો વિસ્તાર |
| ઉધના ઝોન | : | દારૂફલ્લા રોડ, તિરૂપતિનગર એ થી એમ, એનકે–એનએલ, રેલ્વે ટ્રેક, ઉન |
| અઠવા ઝોન | : | ઉમરાગામ, ગુજરાત હાઉસીંગ બોર્ડ, પીપલોદ |
| લીંબાયત ઝોન | : | કિન્નરી ટોકીઝ સામેથી ભાઠેના પુલ થઈ ભાઠેના નહેર ચાર રસ્તા સુધીનો રોડ (ડાબી–જમણી બાજુ), ભાઠેના–૧૮૪, ઉમીયામાતા મંદીરથી ખાડી સુધીના રોડની બન્ને સાઈડ, ભાઠેના–૧૮૪–૧૮૧, ની ગલી, મોચીવાડી, ભંગારવાળા થઈ ખાડી પુલ સુધીની તમામ ગલીઓ, માનદારવાજા હળપતિવાસ,જલારામશેરી, અંબિકાશેરી, બાલાજીશેરી, પદમાનગર, ભાઠેના નહેર ચાર રસ્તાથી ઉધનાસંઘ પુલ સુધી (ડાબી–જમણી બાજુ) |

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબતઃ–

<table>
<tr><td>૧</td><td>ટી.પી.સ્કીમ નંબર</td><td colspan="3">૭ (આંજણા)</td></tr>
<tr><td>૨</td><td>વિસ્તાર</td><td colspan="3">આંજણા ફાર્મ, રઘુકુલ માર્કેટ નજીક તથા સાંઈકૃપા ઈન્ડ. સોસા. સામે</td></tr>
<tr><td rowspan="3">૩</td><td>ફાયનલ પ્લોટ નંબર</td><td colspan="3">–</td></tr>
<tr><td>સબ પ્લોટ નંબર</td><td colspan="3">–</td></tr>
<tr><td>રીઝર્વેશન પ્લોટની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૪</td><td>કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે)</td><td colspan="3">–</td></tr>
<tr><td rowspan="6">૫</td><td rowspan="6">તોડવામાં આવેલ બાંધકામની વિગત</td><td>માર્જીન</td><td>માપ(ફુટમા)</td><td>ચો.ફુટ(વિસ્તાર)</td></tr>
<tr><td>ભોયતળિયે</td><td>–</td><td>–</td></tr>
<tr><td>પ્રથમમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>બીજોમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>.ત્રીજોમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>ચોથોમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>૬</td><td>માલિકનું નામ</td><td colspan="3">–</td></tr>
<tr><td>૭</td><td>આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત</td><td colspan="3">અવાર–નવાર રસ્તા પરનું દબાણ ખસેડવા માટે મૌખિક જાણ કરવામાં આવે છે.</td></tr>
<tr><td>૮</td><td>પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td rowspan="2">૯</td><td>કર્મચારીની સંખ્યા</td><td colspan="3">૦૮</td></tr>
<tr><td>બેલદારની સંખ્યા</td><td colspan="3">૧૨</td></tr>
<tr><td>૧૦</td><td>મશીન / વાહનની વિગત</td><td colspan="3">૨ ટ્રક</td></tr>
<tr><td>૧૧</td><td>વસુલ કરવામાં આવેલ ડીમોલીશન ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત</td><td colspan="3"></td></tr>
<tr><td>૧૨</td><td>ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત</td><td colspan="3">રૂા.૧૩,૦૦૦/–</td></tr>
<tr><td>૧૩</td><td>અન્ય માહિતી</td><td colspan="3">ટી.પી. સ્કીમ નં. ૭(આંજણા) ખાતે આંજણા ફાર્મ વિસ્તારમાં આવેલ રેલ્વે ગરનાળાની નજીક આવેલ મિલન નગર તથા મગદુમ નગર વસાહતને લાગુ ટીપી રસ્તા ઉપર માથાભારે કાટપિટીયા/ભંગારવાળાઓનું આશરે ૧૦ નંગ ટેબલ, કબાટ વિગેરેનું ફર્નિચર તથા ૧૦ નંગ બારી–બારણાં સ્થળ ઉપરથી દુર કરી દબાણ/ટેકનીકલ વિભાગની ટીમ દ્વારા જપ્ત કરવામાં આવેલ છે.</td></tr>
</table>

TOP

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી બાબત :–

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં તા.૧૦/૦૭/૨૦૧૪ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

અત્રેના સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં આવેલ મોજે–ભટાર, રે.સ.નં.૩ પૈકી, રસુલાબાદ પ્રાથમિક શાળાની બાજુમાં આવેલ સોમનાથ સોસાયટીમાં મિલ્કતદાર તરફથી ગેરકાયદેસર દુકાનોનું બાંધકામ શરૂ કરતાં સુરત મહાનગરપાલિકા દ્વારા મનાઈ હુકમ તેમજ કારણદર્શક નોટીસ આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જેનો અમલ ન થતાં અત્રેથી આજરોજ સદરહું ગ્રા.ફલોર+ પ્રથમ માળનું આર.સી.સી.બીમ, કોલમ, સ્લેબ તેમજ ચણતર સહિતનું બાંધકામ તેમજ બીજ માળે સ્લેબનું શટરીંગ કામ મળી કુલ ૫૧૦૦ ચો.ફુટનું ગેરકાયદેસર દુકાનોનું બાંધકામ એન્ટ્રી નોટીસ બજાવી દૂર કરવામાં આવેલ છે.

સદરહું કામગીરી ડે.કમિશનરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ અઠવા ઝોનના શહેર વિકાસ તેમજ દબાણ વિભાગનાં સ્ટાફ, સીકયોરીટી સ્ટાફ તથા ખટોદરા પોલીસ સ્ટાફનાં બંદોબસ્ત હેઠળ કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધા બાબત :–



અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધામાં તા.૧૦/૦૭/૨૦૧૪ના રોજ ખુલ્લા વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે યોજવામાં આવી હતી. ભારતીય પરંપરામાં શુકન ગણાતી મહેંદી મુકવાની પ્રણાલીને અનુસરતા સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધામાં ૮૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લઈ અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી હતી. ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધામાં નીચે મુજબના વિજેતા જાહેર થયા હતા.

**ખુલ્લો વિભાગ**

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | ઢોલા ધારા પ્રવિણભાઈ | પટેલ વિમ્પલ કમલેશભાઈ |
| દ્વિતીય | શેખ ઉઝમા પરવીન ઉસ્માનગની | શેખ અર્શીયા મહમદ સાબીર |
| તૃતીય | લીલાવાલા ક્રિષ્ણા હેમંતકુમાર | સૈયદ રોશન મહમદરફી |
| આશ્વાસન | અનુપમા ઉપાધ્યાય | શેખ તસ્નીમ મોહમદ સાબીર |
| | પુનમ તુષારભાઈ ઘડીયાળી | સ્નેહલબેન ધર્મેશભાઈ પટેલ |
| | મિત્તલ ચૌહાણ | અંકિતા જીજ્ઞેશ પટેલ |
| | ભુમિકા મેહુલ જરીવાળા | મિરલ ચંદ્રકાંત પટેલ |
| | પટેલ તૃપ્તીબેન છગનભાઈ | બુલબુલ તેજસકુમાર લાકડાવાલા |
| | કિંજલ મોદી | અર્પિતા બાબુભાઈ પટેલ |
| | ચેવલી કામીનીબેન તેજશકુમાર | બિંદિયા રાહુલકુમાર કસબવાળા |

ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધાના વિજેતાઓને મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા કુ.સ્વાતિબેન સોસા, આસી.કમિશનર અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી (પ. અને ઈ.) શ્રી બંકિમભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિ ઉપાધ્યક્ષાશ્રીમતી કિશોરીબેન કાપડિયા, મ્યુ.સભ્ય શ્રીમતી રંજનબેન પટેલ, શ્રીમતી મંજુલાબેન સાવલીયા, શ્રીમતી ગીતાબેન પટેલ અને નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. તા.૧૧/૦૭/૨૦૧૪ના રોજ સવારે ૯.૦૦ કલાકે ચં.ચી.મહેતા નાટ્યગૃહ(રંગ ઉપવન), ચોક બજાર, મકકાઈપુલ, સુરત ખાતે યોજાનાર ગોરમાગીત સ્પર્ધામાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## પૂર્વ(વરાછા)ઝોનમાં નીચે જણાવેલ વિસ્તારોમાં દબાણ/ડીમોલીશનની કામગીરી.

(૧) ડ્રા. ટી.પી. સ્કીમ નં. ૨૨ (સરથાણા–વાલક), ફા.પ્લોટ નં. ૪૪ ની સરકારી માલિકીની જગ્યામાં ભુમિપાર્ક સોસાયટીના સબ પ્લોટ નં. ૧૦ તથા ૧૧ ના મિલકતદારો દ્વારા કંપાઉન્ડ વોલ બનાવવાનું ગેરકાયદેસર બાંધકામ શરૂ કરવામાં આવેલ જે અન્વયે આજરોજ આશરે ૧૦૦' ફુટ લાંબી કમ્પાઉન્ડ વોલનું બાંધકામ દુર કરી આશરે ૩૫૦૦ ચો.ફુટની સરકારી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ. ડીમોલીશનની ચાર્જ પેટે મિલકતદારો પાસેથી રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ.

(૨) ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૨ (સરથાણા–વાલક), ફા.પ્લોટ નં. ૯૧ (કઈભઈધઈક) ના રીઝર્વેશન હેઠળના પ્લોટમાં નેશનલ પાર્ક સોસા. ના રહીશો દ્વારા ટોઈલેટ બ્લોક બનાવવાના ઈરાદે ચણતર કામ શરૂ કરવામાં આવેલ, જે અન્વયે આજરોજ ૪૦.૦૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ દુર કરી રીઝર્વેશન પ્લોટની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ.

(૩) ડ્રા.ટી.પી. સ્કીમ નં.૨૨ (સરથાણા–વાલક), ફા.પ્લોટ નં. ૪૨ માં આવેલ નેશનલ પાર્ક સોસાયટીના સબ પ્લોટનં. એ/૧૫૭ ના મિલકતદાર દ્વારા રહેઠાણ ના બદલે હેતફેર કરી દુકાનો બનાવવાના ઈરાદે કુલ–૩(ત્રણ) શટર બેસાડેલ જે આજરોજ દુર કરવામાં આવેલ છે.

(૪) ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૧૮(મોટા વરાછા), ફા.પ્લોટ નં. ૬૯ માં આવેલ મારૂતિધામ સોસા.ના સબ પ્લોટ નં. ૮ ના મિલકતદાર દ્વારા સાઈડ માર્જીનની જગ્યામાં કરેલ ભોંયતળિયાના સ્લેબ લેવલ સુધીનું તથા પ્રથમ માળે લીન્ટલ લેવલ સુધીનું ચણતરની દિવાલોનું આશરે ૩૫૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે. ડીમોલીશન ચાર્જ પેટે મિલકતદાર પાસેથી ૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ.

(૫) ટી.પી. સ્કીમ નં. ૪ (અશ્વનીકુમાર–નવાગામ) માં આવેલ બરોડા પ્રિસ્ટેજ વિસ્તારને લાગુ વરાછા મેઈન રોડ પર શાકભાજી ના પાથરણા તથા લારીઓનું કાયમી દબાણ રહે છે તે અન્વયે આજરોજ કુલ ૭૬ પાથરણાં દુર કરેલ તથા ખુલ્લી/ બંધ નંગ–૧૩ લારીઓ જપ્ત કરવામાં આવેલ છે.

(૬) ટી.પી.સ્કીમ નં .૧૭ (ફુલપાડા), ફા.પ્લોટ નં. ૨૪, નવી શકિત વિજય સોસાયટી માં આવેલ સબ પ્લોટ નં. એ/૪ મિલકતદાર સંજયભાઈ ભદેલીયા દ્વારા લંબે હનુમાન રોડ ઉપર તેઓની દુકાન ''મારૂતિ ફેશન પોઈન્ટ'' બહાર સુરત મહાનગરપાલિકાની પરવાનગી લીધા વગર આશરે ૧૫' × ૧૫' માપ વિસ્તારમાં મંડપ બાંધવામાં આવેલ જે આજરોજ અત્રેથી દુર કરવામાં આવેલ છે.

(૭) ટી.પી. સ્કીમ નં. ૫૩ (મગોબ–ડુંભાલ)માં એમ્યુઝમેન્ટ પાર્ક માટે અનામત રાખવામાં આવેલ પ્લોટ પૈકીમાં મોજે મગોબ ના બ્લોક નં. ૧૩૩/૧ વાળી જમીન બાબતે કોર્ટ પ્રકરણ ઉપસ્થિત થતા ૫૨૫૫.૦૦ ચો.મી. જમીનનો કબજો મેળવી શકાયો નથી. તેમાં લાંબા કોર્ટ પ્રકરણ બાદ નામ. સુપ્રીમ કોર્ટના અંતિમ હુકમ સુરત મહાનગપાલિકા ના તરફેણમાં આવેલ હોય આજરોજ વરાછા ઝોનના સ્ટાફ દ્વારા ઉપરોકત પ્રત્યક્ષ કબજો મેળવેલ છે.

TOP

## ડીમોલીશનની કામગીરી બાબતની પ્રેસનોટ

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ટી.પી.સ્કીમ નંબર | — | | |
| ૨. | વિસ્તાર | રીલાયન્સ નગર સોસા, ગુજરાત હાઉસીંગ બોર્ડ, સાયણ રોડ, અમરોલી. | | |
| ૩. | ફાયનલ પ્લોટ નંબર | — | | |
| | સબ પ્લોટ નંબર | ૧૮૮ તથા ૨૨૯ | | |
| | રીઝર્વેશન પ્લોટ નંબર | — | | |
| ૪. | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોર્મશીયલ / શૈક્ષણિક વિગેરે | રહેઠાણ તથા કોર્મશીયલ | | |
| ૫. | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ (ફુટમાં) | ચો.ફુટ (વિસ્તાર) |
| | | ભોંયતળિયે | | ભોંયતળિયે દુકાન નંગ—૩ (ત્રણ) ના રોલીંગ શટર્સ દુર કરવામાં આવેલ છે. |
| | | પ્રથમ માળ | | |
| | | બીજો માળ | | આર.સી.સી.કોલમ નંગ—૧૨ (બાર) નું બાંધકામ દુર કરવામાં આવેલ છે. |
| | | ત્રીજો માળ | | |
| | | ચોથો માળ | | |
| | | પાંચમો માળ | | |
| ૬. | માલિકનું નામ | શ્રી સુરજ બિરેન્દ્ર અગ્રવાલ | | |
| ૭. | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | નોર્થઝોન /આઉટ/નં ૩૪૬૧,તા.૦૮/૦૭/૨૦૧૪. થી કારણદર્શક તથા મનાઈ હુકમની નોટીસ આપવામાં આવેલ છે. | | |
| ૮. | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | — | | |
| ૯. | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | જુની.ઈજનેર — ૧,આસી.ઈજનેર—૧<br>ડે.ઈજનેર—૧ | | |
| | બેલદારની સંખ્યા | ૧૫ | | |
| ૧૦. | મશીન / વાહનની વિગત | — | | |
| ૧૧. | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન | — | | |
| ૧૨. | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | ૧૫,૦૦૦/— | | |
| ૧૩. | અન્ય વિગત. | — | | |

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત :–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.૧, ડંગોર સ્ટ્રીટ નાનપુરા ખાતે આવેલ મિલ્કત નોંધ નં.૧૧૫૫ માં ભોંયતળીયું અને ત્રણ માળની પ્લાન સહિતની અરજી મિલ્કતનાં હિત ધરાવનારા શ્રી ધનસુખલાલ છોટાલાલ ધ્વારા રજુ કરેલ હતી. જેને સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૧૨/૦૬/૧૨ના રોજ રજાચીઠ્ઠી આપી મંજુરી આપવામાં આવી હતી. તેમજ વોર્ડ નં. ૧, ડંગોર સ્ટ્રીટ નાનપુરા ખાતે આવેલ મિલકત નોંધ નં.૧૧૫૬ માં ભોંયતળીયું અને ત્રણ માળની પ્લાન સહિતની અરજી મિલ્કતનાં હિત ધરાવનારા શ્રી અબ્દુલકાદર સુલેમાન સુરતીએ રજુ કરેલ હતી. જેને સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૦૧/૦૨/૧૧ના રોજ રજાચીઠ્ઠી આપી મંજુરી આપવામાં આવી હતી. સદર મિલ્કત નં ૧૧૫૫ અને ૧૧૫૬ માં મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ ચોથા માળનું વધારાનું બાંધકામ કરતાં અત્રેથી તા.૦૬/૦૨/૧૨ ના રોજ ચોથા માળનું વધારાનું બાંધકામ દૂર કરવામાં આવેલ હતુ. ત્યાર બાદ સદર મિલ્કતમાં ફરીથી વધારાનું ચોથામાળનું બાંધકામ કરતા અત્રેથી તા.૦૨/૦૩/૧૩ ના રોજ ફરી ચોથા માળનું આશરે ૧૪૦૦ ચો.ફુટનું સ્લેબ/બીમ/ કોલમ સહિતનું બાંધકામ દૂર કરેલ હતુ. ત્યારબાદ સ્થળ નિરીક્ષણમાં ફરીથી સદર મિલ્કતે ચોથા માળનું બાંધકામ કરેલ હોવાનું જણાતા તા.૧૨/૦૭/૧૩ના રોજ આશરે ૧૮૮૫ ચો.ફુટનું સ્લેબ/બીમ/કોલમ સહિતનું વધારાનું બાંધકામ તોડી દુર કરવામાં આવેલ .

ત્યારબાદ મિલ્કતદાર ધ્વારા ફરીથી સદર મિલ્કતે ચોથા માળનું વધારાનું બાંધકામ કરેલ હોવાનું જણાતા આજે તા.૧૦/૦૭/૧૪ના રોજ આશરે ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું સ્લેબ, બીમ, કોલમ તથા ચણતરની દિવાલ સહિતનું વધારાનું બાંધકામ અત્રેથી સેન્ટ્રલ ઝોન ધ્વારા તોડી દુર કરવામાં આવેલ છે.

TOP